

હરિ કીર્તન

ગોપાળદાસ કેશવલાલ.

[illegible] કડવાપોળ—અમદાવાદ.

રામાનંદ નથમલજી.

ઠે. નવા માધવપુરા—અમદાવાદ.

શ્રી હરિ કીર્તન.

ભજનના પદો, ભગવાન શ્રી કૃષ્ણ-

ચન્દ્રની જન્મલીલા, રાસ ઈ-

ત્યાદિ ભક્તિ રહસ્ય.

રચનાર.

શ્રી મહાત્મા પુરૂષોની કૃપાથી શ્રી ભગવાનના

ભક્તના દાસ

ગોપાળદાસ કેશવલાલ.

ઠે. લુણસાવાડે કડવાપોળ.

છપાવી પ્રગટ કર્તા.

રામાનંદ નથમલજી.

ઠે. નવા માધવપુરા—અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. સને ૧૯૧૬. પ્રત ૧૦૦૦.

કીંમત અમૂલ્ય.

ધી માર્તંડ મુદ્રાલય પ્રેસમાં પરીખ. ભીખાભાઇ છગનલાલે
ઠે. રતનપોળમાં મરચીપોળમાં છાપ્યાં. અમદાવાદ.

શ્રી પરમાત્માને નમઃ

હે સુજ્ઞ હરિજનો આ મનુષ્ય અવતાર અતિ ઉત્તમ પ્રાપ્ત થયા છતાં આપણે આપણા આત્માનું કલ્યાણ કરવા સામર્થવાન નહી બનીશું તો આપણું જીવતર વ્યર્થ થઇ પડશે. માટે સર્વે હરિજનને મારી વિનતી છે કે જે ભક્તિ માર્ગ ને આર્ય રૂષિ મુનીઓએ પસંદ કર્યો છે. તેજ માર્ગને આપણે પણ પસંદ કરી ચાલવું જોઇએ. શાસ્ત્રના ગ્રંથ અનેક છે. પણ સર્વેનો ઉત્તમ સાર એ છે કે મનને કામ, ક્રોધ, લોભથી રહીત કરીને એક જે પરમાત્મા સ્વરૂપ છે તેમાં લગાડવું, માટે જેને અનુકુળ આવે તેને તે પ્રકારની ભક્તિ કરી પરમાત્મા તત્વને પામવું જોઇએ. માટે શુભ કર્મ કરતા કરતાં એક ભવમાં નહી તો બીજા ભવમાં પણ તત્વ સ્વરૂપ પ્રાપ્ત થશે. ને કોઇ જીવનો છેલ્લો ભવ હશે તો તેના શુદ્ધ પ્રેમથી આ ભવમાં પણ પરમાત્મા સ્વરૂપ પ્રાપ્ત થઇ જશે માટે વિવેકથી સત્ સમાગમ કરીને મનને પ્રભુ ભક્તિમાં લીન કરવું. ઘણા પુરૂષો કથા શ્રવણ કરે છે. ભજન ગાયછે, કીર્તન વાંચે છે, શાસ્ત્રોના ગ્રંથો વાંચેછે, પણ તેમાં શું રહસ્ય રહ્યું છે તે સમજી શકતા નથી માટે કથા અગર ભકતોએ લખેલા કીર્તનના પદો શ્રવણ કરવાં અને તેનું મનન કરવું ને પછી તેનુ ધ્યાન કરવું એટલે તેમાં રહેલો સાર શોધવો. જો જ્યાંસુધી મનન કરવામાં નહી આવે ને તેનું સુક્ષ્મ રીતે ધ્યાન કરવામાં નહીં આવે તો તે વ્યર્થ થઇ પડશે. બીજું મારૂ ટુંકાણમાં એજ કેહવું છે કે પ્રથમ સતસંગ થવાથી જીવના કલ્યાણનો માર્ગ મળી આવે છે તેથી સત્ સમાગમ





સત્યને સાચું જાણનાર સુખી થશે.

ખાસ ગામવાળાઓને મારી સગવડવાળી દાગીનાની દુકાને

ચોકખો માલ અને સાચી ભેર થશે!

ચાંદીના દાગીના બનાવનાર અને વેચવાની પ્રખ્યાત દુકાન

દલસુખરામ ગોરધનદાસ

કાસંદ્રાવાલા.

ઠે. રતનપોળ દુકાન નં. ૫૨૬૧—**અમદાવાદ.**

અમારી દુકાને ચાંદીના તરેહવાર ફેન્સી દાગીના જથાબંધ તથા છુટક તૈયાર મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી ચાંદીના દાગીના બનાવરાવવા હશે તે પણ કીફાયત મજુરીથી બનાવી આપવામાં આવશે. તેમજ સોનાના દાગીનાં ઓર્ડરથી બનાવી આપીશું.

એક વખત પધારી કામ પાડવાથી ભવિષ્યના કામકાજનો સંબંધ કાયમનો થઈ પડશે.

ॐ श्री परमात्मने नमः

શ્રી હરિ કીર્તન.

ગુરૂપદ પંકજ પૂજતાં, સરવે દેવ પૂજાય;
શીવ વિરંચીને શારદા, જેના જશ ગુણગાય.

પદ ૧

જાગીએ રઘુનાથ કુંવર દેવનકે હિતકારી. એ રાગ.

રાગ પ્રભાત.

જાગીએ શ્રી શ્યામ સુંદીર, ભક્તન કે હિતકારી;
તાપ હરણ શાન્તિ કરણ, શ્રીપતિ કુંજ વિહારી. જાગીએ.

સૂર્ય ઉદય નાથ ભયો, અંધકાર નાશ થયો;
ચંદ્ર તેજ છુપ ગયો, જાગીએ ગિરધારી. જાગીએ.

સાધુજન ધરત ધ્યાન, ભક્તજન કરત ગાન;
મોર નાચત કરત તાન, જાગીએ મોરારી. જાગીએ.

નયન ખોલ્યા શ્રી યદુરાય, મુખડે દેખી આનંદ થાય;
દાસ ગોપાળ ગુણ ગાય, શરણ હું તુમારી. જાગીએ.

પદ ૨

ભાળ રક્ષણના કરનારરે. એ રાગ.

સ્તુતિ રાગ માડ.

ભક્ત રક્ષણના કરનારરે, દીસો આપે કૃપાળુ શ્રીનાથ;
દુઃખ પ્રભુજી આપ હરનારરે, દીસો આપે કૃપાળુ શ્રીનાથ.ટેક.
કામ ક્રોધ મોહ માયા મારી, કેડે પડયા છે નાથ,
લોભ ઈર્ષા મમતા અતિ કુઃમતિ, મુજને સતાવે છે તાત;
આવ્યો તમ શરણે હરીરે, પ્રેમે કરીને, ભાવ ધરીને,
વિશ્વપતિ દીનાનાથ. ભક્ત૦
અજ્ઞાન અંધારૂ મમ અંતરમાં, વ્યાપી રહ્યું છે શ્યામ,
આ પાપી જીભલડી દેતાં લાજે છે, મોહનજી તમ નામ;
કરૂં વિન્તી ખરીરે, જરીએ જરીરે, પાયે પડીને,
આપને શ્રીપતિનાથ. ભક્ત.
કુડ કપટ કુઃલક્ષણથી હું, થાકી ગયો છું શ્યામ,
મારા છોડાવ્યા છુટે નહીં એતો, છોડાવો સરજનહાર;
ગોપાળે અરજી કરીરે, તમને હરીરે, હૃદયે ધરીને,
કૃપા કરો મમનાથ. ભક્ત.

પદ ૩

શેવાનું રાગ કાફી.

ગાંડી ઘેલી શેવારે હું કરૂં છું છોગાળા,
શ્રી યશોદાનંદનરે, વ્હાલા નંદતણા લાલા. એ ટેક.

શ્રીજી પ્રભુજી આપ દયાળુ ને સાલીંગરામ ભગવાન;
શ્રી રણછોડરાય છેલછબીલા, મારા સાચાનાછો તમે શ્યામ;
કરૂં હું પૂજનરે, પ્રાણજીવણ અમારા ગાંડી.
શાસ્ત્ર રીતી કાંઇ ના જાણું નવ જાણું હું વેદની વાત,
ખરી આ ખોટી સેવા કરૂં તે, પુરણ માનજો નાથ;
હરીવર મારારે, ચરણ પૂજું તમારા. ગાંડી.
વિન્તી સુણજો નાથજી મારી અનાથ કેરા નાથ,
કોઇદીન શેવા ચુકુ નહી એવી, કૃપા કરો કીરતાર;
દાસ ગોપાળનારે, ગોવિંદા ગોપાળા. ગાંડી.

પદ ૪

રાગ બનજારો પરમાત્માનો ઉપકાર.

શુણી અરજી હરીએ જેવારે, સહ્ય કીધી છે દીનદયાળે. એ ટેક.
મમ અંતરમાંતો વસીને, ગુપ્ત રીતે આવ્યા હસીનેરે,
મુને બતલાવ્યો મારગ વ્હાલે, સાહ્ય કીધી છે દીનદયાળે;
જ્ઞાન લેવાને સંત બતાવ્યા, દુરાચરણ દૂર કરાવ્યારે,
ચઢયા નંદલાલ મુજ વ્હારે, સાહ્ય કીધી છે દીનદયાળે.
સેવા કરૂં હું ગાંડી ઘેલી, તોએ કરી છે આનંદ હેલીરે,
મારે મનડે લાલજી ભાવે, સાહ્ય કીધી છે દીન દયાળે.
સતગુરૂએ કૃપા કરી છે, મારે મનડે એ વાત ઠરીછેરે;
મુને સંત મળ્યા છે ત્યારે, સાહ્ય કીધી છે દીનદયાળે.
ગુરૂ પ્રતાપે ભક્તિ પામું, રામ પ્રપનજી ચરણે નામુંરે;
કહે ગોપાળ કૃપા થઇ મારે, સાહ્ય કીધી છે દીનદયાળે.

(શ્રી ગુરૂવંદના.)

સદગુરૂ મહારાજ શ્રી રામપ્રપનજી ગુરૂ હરીદાસજી

ઠે. લુણસાવાડે કડવાપોળ.

મુઃ—અમદાવાદ.

પદ ૫

(મારા સાચાના સંગાથીરે, જેને પ્રીત કીધી.) એ રાગ.

ધન ધન્ય ગુરૂજી ગુણવંતારે, પામરના બેલી;
મારા રામ પ્રપનજી સંતારે, પામરના બેલી. એ ટેક.
ગુરૂએ મારે કૃપાદ્રષ્ટિરે મુજપર કીધી,
ભક્તિની કુંચી દીધીરે, પામરના બેલી.
ગુરૂએ મારી ખોટી કુઃબુદ્ધીરે કાપી,
કૃપા કરી સુઃબુદ્ધી આપીરે, પામરના બેલી.
ગુરૂએ મારે ભક્તિ રસનોરે પ્યાલો પાયો,
અંતરમાં એ રસ છાયોરે, પામરના બેલી.
ગુરૂએ મારે જ્ઞાનતણુંરે, દાન દીધું,
ગોપાળે પ્રેમે લીધુંરે, પામરના બેલી.

પદ ૬

દેખો સખી ડોસણીઓ દાસંદ્રીના કાંઠે ઉભોરે. એ રાગ.

આજ મારા ગુરૂએ કૃપા કરી છે, આ વાત કહું તુને ખરીરે એ ટેક.
જ્ઞાન આપે તેને ગુરૂજી કહીએ, દાસના દાસ થઈરહીએ. આવાત.

અજ્ઞાનના માર્ગ કાપીયા ગુરૂએ, જ્ઞાનની છાયા કરી છે. આવાત.
દુ:રાચરણ તો દુર કરાવ્યા, હવે મતિ તો ફરી છે. આવાત.
ગુરૂકૃપાની રજ શીરે ચઢાવતાં, પ્રભુની ભક્તિ મળી છે. આવાત.
ગુરૂને ઘેર તો હમ્મેશ જઇશું, જ્યાં જ્ઞાનની બુટ્ટી પડી છે. આવાત.
રામ પ્રપનજી ગુરૂ પ્રતાપથી, ગોપાળની મતિ ફરી છે. આવાત.

પદ ૭

વારી જાઉંરે લાલા તારા નામનેરે. એ રાગ.

પૂજન વીશે.

ગુરૂ પૂજન કરીએ અતિ પ્રેમથીરે, ભળે દુધમાં સાકર જેવા નેમથીરે ગુ.
આજે આનંદના દન આવીયારે, ગુરૂ રામ પ્રપનજી મન ભાવીયારે. ગુ.
પ્રથમ અર્ગપાદ કરો હરખભેરથીરે, આખી પૂજા થાયે અતિલેહરથીરે. ગુ.
કેસર ચંદનના તીલક કીજીએરે, પુષ્પ અક્ષતે વધાવી લીજીએરે. ગુ.
હાર પુષ્પનો પ્હેરાવીએ પ્રેમથીરે, ચર્ણ ચર્ણામૃત લઇએ નેમથીરે. ગુ.
ધુપ આરતી આનદે કરીએરે, શ્રીફળ મેવાની ભેટ આગળ ધરીએ. ગુ.
કરીએ આરતી કપૂરે વ્હાલથીરે, આશિષ લેઇએ પ્રીતિ બંધાએ ગોપાળથીરે ગુ.
હાંરે પરદક્ષણા કરીએ આનંદથીરે, લળીલળી પાયે લાગો શુદ્ધ મનથીરે. ગુ
ગુરૂ પ્રતાપે ગોપાળ બોલીયારે, મારા અંતરના પડદા ખોલીયારે ગુ.

પદ ૮

ઓધવજી સંદેશો કેહજો સ્યામને. એ રાગ.

સંત સમાગમ વિષે.

ભાવ થકીરે કરીએ સમાગમ સંતનો,
જે તરવાનું ભવ વિષે છે નાવજો;
સેવાને પૂજાતો કરીએ સંતની,
જેથી થાયે પ્રભુ વિષે તો ભાવજો. ભાવ.

સંતજનોરે વાસી હરીના ધામના,
જેના સંગે મનડું નિર્મળ થાયજો;
સંત સમારે પુરૂષ જગતમાં કો નહી,
જેનો મહીમા શ્રીપતિ શ્રીમુખ ગાયજો. ભ.વ.

હરી સંતમાંરે ભેદ જરી નવ માનીએ;
ચરણ શરણમાં રાખો મનને નીત્યજો,
પ્રેમ થકીરે ઝાંખી કરતા સંતની,
મન ઠરે થાય શાન્તિ સાથે પ્રીતજો. ભાવ.

અમૃત વાણીરે જળસમ જાણી પીજીએ,
જેથી તૃષા તાપતણી દુર થાયજો;
ઉદય થાએરે ભાનુ સાચા જ્ઞાનનો.
ઘોર અંધારૂં અજ્ઞાનનું ટળી જાયજો. ભાવ.

સત્ય વસ્તુરે પુરણ પરમાનંદજે,
અવિનાશી જે વિશ્વતણા છે નાથજો;

જાણ્યારે અંતરમાં જેણે પ્રેમથી,
ગોપાળ સમજો સંત તણી એ જાતને. ભાવ.

—++—

સંત ઊપદેશ.

પદ ૯

દીપક ઝોલોરે પવનનો. એ રાગને મળતો.

નજર કરીને નિહાળી લ્યોરે. પશુ તણા અવતાર,
કૃપા કરી વ્હાલે આપીયો, મુનષાદેહ અવતાર;
માટે ભજોને ભગવાનને, સમરો સુંદીર શ્યામ,
રામકૃષ્ણ પ્રભુ તારશે, નોધારાના આધાર.
સતગુરૂ શરણે જઈ રહો. એ ટેક.
ઉંધે મુસ્તકે ઝુલતોરે, માના ઉદર માંહ્ય;
કોલ લેઇ બહાર કાઢીયો, વ્હાલે કીધી છે સાહ્ય. માટે ભજોને.
ભક્તિ તણો કોલ આપીનેરે, ભાઈ નીકળ્યો બહાર;
નવ ભજશો શ્રીપતિ નાથતો, ખાશો જમડાનો માર. માટે ભજોને.
કાયા છે કાચી કારમીરે, કાચા કુંભ સમાન;
ફૂટતા વાર લાગે નહી, કાચી માટીની જાણ. માટે ભજોને.
ઉંચા મંદીરને માળીયારે, ધનના ભરેલા ભંડાર;
વસ્ત્ર કુટુંબ પરિવારજે, સાથે નહી આવનાર. માટે ભજોને.
થોડું કહ્યું ઝાઝું માનજેરે, ગોપાળ કરી લે વિચાર;
સાચું હરીનું નામ છે, તેને નહીરે વિસાર. માટે ભજોને.

પદ ૧૦

રાગ કાફી.

રામકૃષ્ણ ભજજોરે, આ દેહ નહી આવે ફરી,
કીર્તન પૂજન કરતાંરે, ધ્યાન ધરતાં મળશે હરી. એ ટેક.
પૂજન કરો સાકાર રૂપે ધરો ધ્યાન હૃદેની માંહ્ય,
મંદીરમા જુઓ તો એજ વ્હાલો, ઘટમાં પણ જગરાય;
કરો પ્રેમે પૂજનરે, મનમાંહી હર્ષ ધરી. રામકૃષ્ણ.
સાકાર રૂપે નામ દેવજી પૂજતા હર્ષથી પ્રભુજીના પાય,
પ્યાલો ભરીને હરીને દૂધ પાયુ જેને, ટેક ધરી મનમાંહ્ય;
ભક્તિને વશ વ્હાલોરે, નથી એતો દુર જરી. રામકૃષ્ણ.
પેહલાદજીને માટે પ્રભુજી પ્રગટ થયા સ્થંભ માંહ્ય,
નરસીંહરૂપ ધરી હીરણ્યાકંસ માર્યો, તરત કીધી સાહ્ય;
ઠામ નહી ઠાલોરે, જ્યાં જુઓ ત્યાં હરી હરી. રામકૃષ્ણ.
ધ્રુવજીએ કરી નિરાકારની ભક્તિ ને ધર્યું ધ્યાન વન જઇ,
હરીએ ઘટમાં દર્શન દીધાને, પ્રગટ થયા પ્રભુ તહીં;
વ્હાલે કૃપા કીધીરે, સાહ્ય કીધી ખરેખરી. રામકૃષ્ણ.
સાકાર નિરાકારમાં ભેદ નહી જરીએ કરશોના ખોટા વિચાર,
દર્શનમાં નિરખોને ધ્યાનમાં પરખોતો, ભવથી ઉતરો પેલેપાર;
ગોપાળ એમ કેહતાંરે, શ્રી વીરલા સંતો મુખે ભણી. રામકૃષ્ણ.

પદ ૧૧

રાગ કાફી.

શ્યામ તણી સાચીરે, સગાઇ જાણો ખરેખરી;

બાકીની સર્વે જુઠીરે, સમરી લ્યો રામકૃષ્ણ હરી. એ ટેક.
હરતાં ને ફરતાં સમર હરીને ને ધરને પ્રભુજીનું ધ્યાન;
પ્રભુ ચરણની સેવા કરી લે તો, પ્રગટ થાશે તુને જ્ઞાન,
જેને અવતાર આપ્યોરે, તેને તો કેમ જઇએ વિસરી. શ્યામતણી.
મારૂ મારૂ કરીશ ના જરીએ વીરા તારૂ નથી તલભાર,
ધન મંદીર ને વસ્ત્ર ને વાઘા, કુટંબને પરિવાર;
સરવે મૂકીનેરે, તારે તો ભાઈ જાવુ મરી. શ્યામતણી.
ક્યાંથી આવ્યો ને ક્યાં જવાનો કરી લે તેનો વિચાર,
સંસારી સગા સૌ સ્વારથના બેલી, ભવથી નહી તારનાર;
એક તારણ પોતેરે, શ્રી દયાના સિંધુ હરી. શ્યામતણી.
ખરા પ્રેમથી સતગુરૂ સેવોને લાગો ગુરૂજીને પાય,
ગોપાળજા શ્રીહરીને શરણે તો, કૃપા કરે જગરાય;
ભવથી તુંને તારેરે, નહી વાત ખોટી જરી. શ્યામતણી.

પદ ૧૨

રાગ કાફી.

માયા તો બળવંતીરે, માયાનું છુટે નહી લારૂ;
વિના હરી કૃપારે, નથીરે કોઈ બચનારૂ. એ ટેક.
માયા છે બે પ્રકારની જગમાં તેનો વીરલા સંત જાણે ભેદ;
કરે દયા શ્રીહરી તો સંત મળી આવે ત્યારે દૂર કરાવે તેનો ખેદ;
ભેદ બતાવેરે, મુકાવે જે મારૂ તારૂ. માયા તો.
તેથી કરી લેને સંત સમાગમ પ્રગટ થાશે તુને જ્ઞાન,
વિશ્વાસ રાખે ગુરૂ વચનનો તો, જાય તારૂ અજ્ઞાન;

જ્ઞાન જ્યારે આવેરે, ત્યારે તો થાય અજવાળુ.   માયા તો.
મનમાં ખરૂ ખોટુ સમજે ત્યારે આવે ખરો વીચાર,
નીતિ વીવેકને સદગુણુ આવે ત્યારે, ખોટી માયાનો આવે પાર;
ખરી માયા રહેતીરે, હરીને ક્યારે હું જાણું.   માયા તો.
સાકાર નીરાકાર જુદો નવ જાણે ને નવ લાવે મનમાં સંદેહ,
હરીનો હું છુંને હરી છે મારા, ખરી માયા હરીની છે;
એવી રીતે ગોપાળરે, છુટે કુઃમાયાનું લારૂ.   માયા તો.

પદ ૧૩

રાગ પ્રીતમદાસની ચેતવણીનો.

સાંભળ સાંભળ પ્રેમ સહી તે, શાસ્ત્રો તણી જે વાણીરે,
ભજન તણો મહીમા સંભળાવુ, કરજો ભેદ જાણીરે;
નવ પ્રકારની ભક્તિ પ્રભુની, શાસ્ત્રોએ પ્રમાણ કીધીરે,
પ્રેમ વીનાની સમજો લુખી, ભાગવતમાં જોઈ લીધીરે.
ચંદ્ર વીના નહી ચાંદની શોભે, જીવ વીનાની કાયારે,
પ્રેમ વીના ભક્તિ નહી શોભે, વીના પ્રેમે ધુળમાં નાહ્યારે;
પ્રેમની આગળ નેમ જરી નહી, પ્રેમથી વ્હાલો રાજીરે,
દુર્યોધનનો મેવો ત્યાગી, ખાધી વીદુર ઘેર ભાજીરે.
મીરાબાઈના ઝેર આરોગ્યા, સવરી બાઇના બોરારે,
કરમાબાઈનો ખીચડો આરોગ્યો, પ્રેમથી વ્હાલો ભોળારે;
માટે પ્રેમ વીના નહી રીઝે, શ્રી નારાયણ સ્વામીરે,
પ્રેમ સહીતે ભક્તિ કરજો, હરીના ચરણે નામીરે,
હરીના ચરણે જે જઈ પોંહુચ્યા, ધન્ય ધન્ય તે નરનારીરે,

શાસ્ત્રો પુરાણે ગાયા તેને, જુઓ મન વિચારીરે;
એવુ સમજી કરો પ્રેમથી ગોપાળ ભક્તિ સાચીરે,
જન્મો જન્મ પ્રેમ ભક્તિ માગો, હરીના ચરણે જાચીરે.

પદ ૧૪

જાગીએ રઘુનાથ કુંવર દેવનકે હિતકારી. એ રાગ.

રાગ પ્રભાત.

ભજ મન શ્રી વિશ્વપતી, પ્રભુજી અવિનાસી;
સીતાપતી રામ રાધેપતિ શ્યામ, લક્ષ્મીપતિ વિલાસી. ભજમન.
અનેક ધરીયા જેને નામ, સીતાપતી શ્રી સુંદીર શ્યામ;
દશરથ નંદન વ્હાલા રામ, અયોધ્યા નિવાસી. ભજમન.
નંદના નંદ કૃષ્ણ ચંદ્ર, યશોદાનંદન આનંદ કંદ;
કંસ નિકંદન શ્રી રાજેંદ્ર, વંદ્રાવન વાસી. ભજમન.
ધરને ગોપાળ પ્રભુનું ધ્યાન, સેવા સમરણ ને ગુણગાન;
કરતાં રીઝે શ્રી ઘનશ્યામ, વૈકુંઠપતિ વાસી. ભજમન.

પદ ૧૫

સાચો સાહેબ જગ કીરતાર. એ રાગ.

મનવા ભજને સરજનહાર, પોતે કૃપા કરે કીરતાર;
નાવે ફરીને વારંવાર, મોંઘો મનુષનો અવતાર. મનવા.
વિષયવાસના ખોટી જાણી, ભજને શ્રીપતિ ગિરીવર ધારી;
કરશે પ્રભુજી વ્હાર, પોતે કૃપા કરે કીરતાર. મનવા.
સંત સમાગમ નીત્ય તું કરજે, સંત ગુરૂના પાયે પડજે;

મળશે ભક્તિનો સાર, પોતે કૃપા કરે કીરતાર. મનવા.
પ્રેમ સહીતે સમરણ કરતા, કીરતન પૂજન ધ્યાન ધરતા;
પ્રભુ ઉતારે પાર, પોતે કૃપા કરે કીરતાર. મનવા.
ગુરૂ વચનનો વિશ્વાસ રાખી, ગોપાળ અંતરમાં જો જાગી;
દે શાન્તિ દાતાર, પોતે કૃપા કરે કીરતાર. મનવા.

પદ ૧૬

સંત સમાગમ જે જન કરશે તેને પ્રગટે પ્રેમ જંતને. એ રાગ.

મનવા સમરો શ્રી હરીવરને, નીંદ્રામાંથી જાગી જો,
આ અવસર તો ફરી નહી આવે, ભક્તિ રસ તું ચાખી જોને;
કામ ક્રોધ તૃષ્ણાદીક કેરો, કરો હૃદયથી નાશ જોને,
શીળ દયાને સંતોષ કેરી, ખરી જમાવો રાશ જોને.
વિશ્વેશ્વરના વચન વિચારો, રહો સદા થઈ દાસ જોને,
વાકય વિરૂધ ના બોલો મુખથી, કરો સંતનમાં વાસ જોને;
વૈરાગ ધરતાં સાધન થાયે, જ્ઞાનમાં થાયે વાસ જોને,
ગોપાળ ગુરૂ ગોવિંદને ભજતાં, ટળશે ભવના પાશ જોને.

પદ ૧૭

લાવ લાવ લટકંતી વ્રજનાર કે ગેવા મીઠ ારે લોલ. એ રાગ.

ભજ ભજ સીતાપતિ શ્રી રામકે દસરથ નંદનેરે લોલ,
સજ સજ ભક્તિતણો શણગારકે છૂટે ભવ ફંદનેરે લોલ;
કર કર સંગ વિવેક વૈરાગનો ભક્તિ શોભસેરે લોલ,
હણ હણ જ્ઞાન તણી તરવારથી પાપી કામ ક્રોધનેરે લોલ.

ફર ફર વિશ્વમાં આનંદહેર કે ભજ ગોવિંદનેરે લોલ;
ઘર ઘર ગોપાળ પ્રભુનું ધ્યાનકે ચર્ણાંવિંદનુંરે લોલ.

પદ ૧૮

સંત સમાગમ જે જંન કરશે તેને પ્રગટે પ્રેમ જોને. એ રાગ.

એવો દિવસ કયારે આવે, સંત સમાગમ થાય જોને,
અમૃત વાણી સંતન કેરી, પ્રેમ થકી પીવાય જોને;
સત્ય તત્વની જીજ્ઞાસા તો, કયારે મનમાં આવે જોને,
સમકીત સાચુ હૃદય વિષે, કયારે મુજને ભાવે જોને.
લાભ અલાભે સમતા માંહી, મન તો કયારે રેહુસે જોને,
રાગ દ્વેષનો નાશ કરીને, સુખ દુખ ભાવે સેહુસે જોને:
માન અપમાન સમતોલ જાણે, નીંદા સ્તુતિ સરખી જોને,
શત્રુ મિત્રપર સમદ્રષ્ટીથી, જુએ કયારે નિરખી જોને.
કામની કંચન ઉપર પ્રેમ તો, જરી નહી મનમાં ભાવે જોને,
જીવત મરણે હર્ષ કે શોક, જરી નહી મનમાં આવે જોને;
બાહ્ય અભ્યતંર શાન્તિ પામી, સઘળે ચેતન ભાળે જોને,
આત્મ ધ્યાને રમણ કરતા, દિવસ જગમાં ગાળે જોને.
સંત સમાગમ કરતા એતો, સરવે કારજ સરશે જોને,
ગોપાળ ગુરૂ ગોબિંદને ભજતાં, તાપ ત્રિવીધી ટળશે જોને.

પદ ૧૯

રાગ ઉપરનો.

હરીજન શોધો અંતરમાંહી, ઘટમાં વ્હાલમ બોલે જોને,
પ્રેમ ધરીને શરણે રેહતો, અંતર પડદા ખોલે જોને;

મુલાધારે કુંડલી શક્તિ, બેઠી વાસી તાળુ જોને,
ગુરૂ પ્રતાપે કુંચી મળે તો, ઘટમાં થાય અજવાળું જોને.
ગંગા જુમનાજીમાં નાહતા, કાયા નિર્મળ થાય જોને,
શાંભવી સાથે પ્રીત કરે તો, હરીવરના જશ ગાય જોને;
અનેક રચના અખંડ વરની, ઘટમાંહી તો ભાળે જોને,
શ્વાસો શ્વાસે સોહંમ જપતા, સરવે પાતક બાળે જોને.
પ્રેમ ખુમારી અંતર વ્યાપે, નેણુમાં ચકમક ઝરતે જોને,
નહી ઉપાધી સહજ સમાધી, જ્ઞાન ગુફામાં ફરતે જોને;
સંત કૃપાએ હરીવર પામે, સંત હરીનું અંગ જોને,
ગોપાળ જગમાં કંઈ જન તરીયા, સંતન કેરે સંગ જોને.

પદ ૨૦

રાગ ઉપરનો.

ગુરૂ પ્રતાપે શોધી કાઢે, ઘટમાં વંદ્રાવનને જોને;
અખિલ વિશ્વનો નાથ બીરાજે, ત્યાં કરે પ્રસન મનને જોને.
શ્રી અવિનાશી અખંડ વિહારી, ચૈતન શબ્દાતીત જોને;
ચતુર દળમાં ચિતવી પોતે, કરે ખટ દળમાં પ્રીત જોને.
દશ દળમાંહી આનંદ કરતાં, દ્વાદસ દળમાં મળતા જોને;
ષોડશ દળને જોઇ કરીને, દ્વીવ દળમાંહી ભળતા જોને.
સહસ દળમાંહી જાતા સંતો, પંખી થઇને ચઢતાં જોને;
કોટી ભાનુ સમ તેજ પ્રભુનું, ત્યાં જઈ વીરલા ઠરતાં જોને.
નાદ નહીને વાણી નહી જ્યાં, ત્યાંતો આનંદ ધરતાં જોને;
ગોપાળ કોઇ વીરલા સંતો, નિરાકાર માંભળતા જોને.

પદ ૨૧

ઓધવજી સંદેશો કેહજો શ્યામને એ રાગ.

સતગુરૂ કેરા ચરણુ પ્રીતેથી પૂજતાં,
જ્ઞાન મળે થાય ઉજાશ અંતર માંહ્ય જો;
કાયા કમળની રચના જોતાં પ્રેમથી,
આનંદ વ્યાપે અંતર નિર્મળ થાય જો. સતગુરૂ.

પાંખડી સુંદીર ચાર મુળાધારે દીસતી,
ત્યાં તો કહીએ દેવ ગણેશનો વાસ જો;
ખટ સહસ્ત્ર અજપા થાએ પ્રેમથી,
થાતી ત્યાંતો સુક્ષ્મ જોત પ્રકાશ જો. સતગુરૂ.

લીંગ ચક્રમાં ખટ પાંખલડી શોભતી,
તેમાં બેઠા બ્રહ્મા આપો આપ જો;
ઝગમગ ઝગમગ જોતી ઝળકી ત્યાં રહી,
થાએ ત્યાંતો ખટ સહસ્ત્ર જાપ જો. સતગુરૂ.

મણીપુર ચક્ર નાભી કમળ દશ પાંખડી,
ત્યાં તો કહીએ વિષ્ણુ કેરો વાસ જો;
ખટ સહસ્ત્ર અજપા થાએ નીત્યતાં,
દીસે ત્યાં તો પુરણુ જોત પ્રકાશ જો. સતગુરૂ.

અનાહત ચક્રે હ્રદય રહે શિવજી સદા,
દ્વાદશ પાંખડીનું કમળ દીસે ત્યાંય જો;
ખટ સહસ્ત્ર અજપા ત્યાં તો થાય છે,
દર્શન સુંદીર જોતી સ્વરૂપના થાય જો. સતગુરૂ.

વિશુદ્ધ ચક્ર કંઠમાં ષોડશ પાંખડી,
જીવ સ્વરૂપ પ્રેમ થકી નિરખાય જો;
અજપા સહસ્ર નીત્યે થાયે પ્રેમથી,
ધ્યાન ધરતાં જ્ઞાન પ્રગટ થાય જો. સતગુરૂ.

આજ્ઞા ચક્ર ભ્રુમધ્યે તો જાણીએ,
કમળ દ્વીવ દળ અંબુ તણો આકાર જો;
શુદ્ધ ચૈતન જ્યોત્ય નીર્મળ શોભતી,
સહસ્ર અજપા ઇશ્વરનો દરબાર જો. સતગુરૂ.

સહસ્ર કમળ દળ શીશ મધ્યે તો જાણીએ,
ત્યાં તો જાણો પુરણ બ્રહ્મનો વાસ જો;
અજપા અનાહત ધુની ત્યાં તો થઈ રહી,
જાણે તેના ગોપાળ થઇએ દાસ જો. સતગુરૂ.

પદ ૨૨

સંત સમાગમ જે જંન કરશે તેને પ્રગટે પ્રેમ જોને. એ રાગ.

નિર્જન વનમાં જઇ એકાંતે, સ્થિરતા રાખે જ્યારે જોને,
દિવાકર ને પાછળ રાખી, કંઠ દેશમાં ભાળે જોને;
સુરતા છુટતાં પ્રેમ ધરીને, આકાશ માંહી મોહે જોને,
અષ્ટાક્ષરનો મંત્ર જપતા, સાક્ષાત શિવજી જોએ જોને.
દીન પ્રતીદીન અભ્યાસ કરતાં, સાચી વસ્તુ જડશે જોને,
સાચી પ્રીતે કોઇ દીન તેને, પરમાનંદ તો મળશે જોને;
અનુભવ થાયે પરમાનંદનો, તે જન પામે જ્ઞાન જોને,
દાસ ગોપાળ કેહ તે જન પ્રેમે, ચાવે શાન્તિ પાન જોને.

પદ ૨૩

રાગ પ્રભાત.

જાગીએ રઘુનાથ કુંવર દેવનકે હિતકારી. એ રાગ.

વંદન કરૂ વિશ્વપતી, શ્રી નાથજી સુખકારી;
વિઘ્ન હરણુ અશરણુ શર્ણું, સરણુ હું તુમારી, વંદન.
સર્વે સૃષ્ટિ સરજનાર, સહસ્ર નામ ધરનાર;
ત્રિવીધી તાપ હરનાર, વિનતી સુણજો મારી. વંદન.
અધમ ઉધારણુ નાથ, પતી પાવન વિશ્વતાત;
તમો માત તાત ભ્રાત, સંભાળ લેજો મારી. વંદન.
રામ કૃષ્ણુ ધરીયા નામ, સીતાપતી શ્રી રાધે શ્યામ;
ભક્ત જનના કરીઆ કામ, દુષ્ટને સંહારી. વંદન.
સરવે જગતના છો રાય, વખાણે વેદ આપ મહીમાય;
જાણી ના શકે વિશ્વ માંહ્ય, કળા પ્રભુજી તુમારી, વંદન.
કેવી રીતે તમ સ્તુતિ થાય, કેવી રીતે તમ ગુણ ગવાય;
જાણું નહી મહીમા જરાય, અલ્પ મતિ મારી. વંદન.
ન જાણું પિંગળ વ્યાકૃણુ વેદ, શાસ્ત્રનો જરીએ ભેદ;
ગુણ ગાતા ન લાવુ ખેદ, જાણું સાહ્ય તુંમારી. વંદન.
દાસ ગોપાળ લાગે પાય, દયા સિંધુ શ્રી જગરાય;
દીન જાણી થાજો સાહ્ય, શરણુ હું તુમારી. વંદન.

પદ ૨૪

સર્વેની સ્તુતી.

રાગ સારંગ.

શ્રી પ્રભુ અમે વંદન કરીએ, તુમ ચરણુમાં તન મન મોહ્યું;

રંજન થઇ દીન સ્તુતિ ઉચરીએ. શ્રી પ્રભુ.
અધમ ઉદ્ધારણ ભક્ત તારણ, વૈકુંઠપતી પ્રભુ ભાવે સમરીએ. શ્રી.
તમો દાતા તમો ત્રાતા, ધ્યાન તમારૂં નિશદીન ધરીએ શ્રી.
શ્રી રામકૃષ્ણ સાહ્ય કરજો, ભજન કરી ભવસાગર તરીએ. શ્રી.
અજ્ઞાની બાળક વિન્તી કરીએ, દોષ ના જોશો પ્રભુ અમારો જરીએ.શ્રી.
વરદાન આપો દાસ ગોપાળને, જન્મો જન્મ ભક્તિ નવ વીસરીએ.શ્રી.

પદ ૨૫

સાચો સાહેબ જગ કીરતાર. એ રાગ.

જય જય વંદન રઘુપતી રામ, આપે અનેક ધરીયા નામ;
વંદુ રાધેપતી ઘનશ્યામ, કરૂ હું પ્રેમથી પ્રણામ. જયજય.
ધર્મ ધુરંધર દશરથ નંદન, સીતાપતી પ્રભુ પરદુઃખ ભંજન;
અંતરજામી રામ, કરૂ હું પ્રેમથી પ્રણામ. જયજય
યશોદાનંદન કંશ નિકંદન, કરૂણા સાગર ભવદુઃખ ભંજન;
વ્હાલા સુંદીર શ્યામ. કરૂ હું પ્રેમથી પ્રણામ. જયજય.
નારાયણ પ્રભુ વૈકુંઠવાસી વિશ્વપતી પ્રભુ શ્રી અવિનાશી;
સહસ્ર ધરીયા નામ કરૂ હું પ્રેમથી પ્રણામ. જયજય.
પ્રેમ સહીતે પાયે લાગુ, ગુણ ગાતાં સાહ્ય માગુ;
પુરણ કરજો કામ, કરૂ હું પ્રેમથી પ્રણામ. જયજય.
રામકૃષ્ણ પ્રભુ વિન્તી અમારી, જન્મોજન્મ પ્રભુ ભક્તિ તમારી;
આપો મુજને રામ, કરૂ હું પ્રેમથી પ્રણામ. જયજય.
રામ પ્રપનજી ગુરૂ પ્રતાપે, દાસ ગોપાળને આનંદ વ્યાપે;
પૂજતા સુંદીર શ્યામ, કરૂં હું પ્રેમથી પ્રણામ. જયજય.

પદ ૨૬

'દીપક ઝાલોરે પવનનો. એ રાગને મળતો.

હરીવર મારા કૃપા કરોરે, દીન જાણી દયાળ,
દર્શન દ્યાને શામળા, આવી ઝાલોને હાથ;
આશારે રહી તારા નામની, આવો શ્રી ભગવાન,
તમેરે આવો તો મારા મન ઠરે, સાચા સુંદીર શ્યામ.
સતગુરૂ શર્ણું હું આવીયો. એ ટેક.
પ્રેહલાદજીને મારવારે, જ્યારે કોપીયો તાત;
સાહ્ય કીધી તમે શામળા, સ્થંભમાં પ્રગટીયા નાથ. આશારે.
પંચાળીના ચીર પુરીઆરે. રાખી સભામાં લાજ;
હુંડી સ્વીકારી મેહતા તણી, ઘણા કરીયા છે કાજ. આશારે.
મીરાં તે બાઇને મારવારે, જ્યારે કોપીયો રાય;
અનેક સ્વરૂપ દેખાડીયા, આપે કીધી છે સાહ્ય. આશારે.
અનેક ભક્તને તારીયારે, આપ સરજનહાર;
મારે આશારે દર્શનની ક્યારે નિરખુ દેદાર. આશારે
દાસ ગોપાળની વિનતીરે, ધરજો જગ પ્રતિપાળ;
ચરણુની ભક્તિ આપજો, દર્શન દેજો દયાળ. આશારે.

પદ ૨૭

સંત સમાગમ જે જન કરશે તેને પ્રગટે પ્રેમ જોને. એ રાગ.

શ્રી પુરૂષોતમ શ્રી અવિનાશી, વિશ્વપતી શ્રી નાથ જોને,
શ્રી રાધેવર શ્રી સીતાવર, સાચા માત ને તાત જોને;
પ્રેમ થકી હું શરણે આવ્યો, શરણે રાખો શ્યામ જોને,

અંતરયામી સરવે જાણો, અનેક ધરીયા નામ જોને.
કોટી ગુના કીધા મ્હેંતો, નથી તેનો કાંઈ પાર જોને,
બક્ષીસ આપો આ બાળકને, દીન બંધુ કીરતાર જોને;
મુજ કરણી સામુ નવ જોશો, અંતે કરજો સાહ્ય જોને,
આપ ચરણની ભક્તિ આપો ગોપાળ લાગે પાય જોને.

પદ ૨૮

રાગ ઉપરનો.

હરીવર મારા સાચુ કહું છું, બીજું નથી કાંઇ ગમતું જોને,
જ્ઞાન તણી ભભુતિ નાંખી, આપમાં મનડું રમતું જો;
આડી અવળી વાતો મુજને, જરી નથી તો ગમતી જોને,
બેસવું સારૂ લાગે એકાંતે, જ્ઞાનમાં બુદ્ધિ રમતી જોને.
આનંદ મારે અંગે વ્યાપે, જયારે તમને ભાળું જોને:
આપ કૃપ થી દાસ ગોપાળને, અંતરમાં અજવાળુ જોને.

પદ ૨૯

દેખો સખી ડોલણીઓ કાલંદ્રીના કાંઠે ઉભોરે એ રાગ.

દેખો સખી સામળીયો, વ્હાલમજી કેવો શોભેરે,
લાલ પીતાંબર જરકશી જામો, હાંરે સખી ઉપર પટકો ઓઢેલો;
વ્હાલમજી કેવો શોભેરે.
કાનમાં કુંડલ ઝગમગ શોભેરે, હાંરે સખી શીરપર મુગટ ધરેલો;
વ્હાલમજી કેવો શોભેરે.
કડા ને સાકળા કરમાંહી શોભે, હાંરે સખી કંદોરો કેહડમાં પ્હેરેલો;
વ્હાલમજી કેવો શોભેરે.

હીમની માળા ઉરે પ્હેરી છે, હાંરે સખી ગુંજાનો હાર છે ધરેલો;
વ્હાલમજી કેવો શોભેરે.
મોતીની માળા કંઠમાં ઝળકે, હાંરે સખી પુષ્પનો હાર છે પ્હેરેલો;
વ્હાલમજી કેવો શોભેરે.
નેપુર પગમાં પ્હેર્યા છે વ્હાલમે, હાંરે સખી એવો મોહનજી બનેલો;
વ્હાલમજી કેવો શોભેરે.
ઘણા શણગાર વળી બીજા શોભે છે, કહેતાં ન આવે પાર મેરો;
વ્હાલમજી કેવો શોભેરે.
રામ પ્રપનજી ગુરૂ પ્રતાપે, હાંરે સખી દાસ ગોપાળે નિરખેલો;
વ્હાલમજી કેવો શોભેરે.

પદ ૩૦

વારી જાઉંરે લાલા તારા નામનેરે. એ રાગ.

વારી જાઉંરે વ્હાલમજીના નામનેરે,
વંદુ પ્રેમેથી પાય સુંદીર શ્યામનેરે. વારી જાઉંરે.
વ્હાલે દેવતાના કારજ સારવારે,
કંઈક ભૂમીનો ભાર ઉતારવારે. વારી જાઉંરે.
વ્હાલે ભક્તના વચન પાળવારે,
દુષ્ટ રાક્ષસ લોકોને સંહારવારે વારી જાઉંરે.
ધન્ય દિવસ ધન્ય ઘડી આજનીરે,
શ્રાવણ વદી આઠમ મહારાજનીરે. વારી જાઉંરે.
રોહણી નક્ષત્ર માંહે શુભ ઘડીરે,
મથુરામાં અવતાર લીધો શ્રી હરીરે. વારી જાઉંરે.
મધરાતે અવતરીયા નાથજીરે,

આનંદ પામ્યા છે દેવ સૌ સાથજીરે. વારી જાઉંરે.
વ્હાલો દેવકીને ત્યાં અવતરીયારે,
વસુદેવજીને પીતા કરીયારે. વારી જાઉંરે.
ત્રણ લોકમાં વાજીંત્ર વાગીયાંરે,
સરવે કહે છે અતિ પુન્ય જાગીયારે. વારી જાઉંરે.
પુષ્પ વૃષ્ટિ કરે છે દેવતારે,
ગાંધ્રવ ગાન તાનથી રીઝવતાંરે. વારી જાઉંરે.
નાચ નાચે અપ્સરાઓ તાનથીરે,
રીઝવે જગપતી પ્રેમે ગાનથીરે. વારી જાઉંરે.
ચત્રુભુજ દર્શન દીધા માતનેરે,
આનંદ પમાડયા છે વળી તાતનેરે. વારી જાઉંરે.
કારાગ્રહમાં છે માતને તાતજીરે,
કરે પિતા વ્હાલાને વાતજીરે. વારી જાઉંરે.
ખબર પડે નહી કંસ ભૂપનેરે,
જન્મ થયો છે નાથ સ્વરૂપનેરે. વારી જાઉંરે.
હરી પ્રત્યે બોલ્યા છે માતજીરે,
પાપી કંસ કરશે તમ ઘાતજીરે. વારી જાઉંરે.
એવી બીક લાગે છે અમનેરે,
માટે કહીએ છે શ્રીપતિ તમનેરે. વારી જાઉંરે.
કૃપા કરી દર્શન હવે દીજીએરે,
બાળ સ્વરૂપ પ્રભુ હવે લીજીએરે. વારી જાઉંરે.
સુણી વિન્તી જે વારે માતનીરે,
મૂર્તી બાળ સ્વરૂપે દીઠી નાથનીરે. વારી જાઉંરે.

મને લેઈ ચાલો ગોકુળ ગામમાંરે,
પિતા નંદબાવાજીના ધામમાંરે. વારી જાઉંરે.
હરખ યશોદા ઉપર વ્યાપીયોરે,
ત્યાં તો માયાને અવતાર આપીયોરે. વારી જાઉંરે.
મુને મૂકી તમે ત્યાં આવજોરે,
મારી માયાને હેતેથી લાવજોરે. વારી જાઉંરે.
નિંદ્રા મુકી છે સરવે જંનનેરે,
શાન્તિ પમાડયા માત તાત મનનેરે. વારી જાઉ રે.

ઘનઘટા આકાશમાં થઇ ગઇરે,
મેઘ વરસે ને વિજળી ઝબકી રહીરે. વારી જાઉંરે.
નિંદ્રાવશ મથુરા સરવે થયું રે,
જળ જળ બંબાકાર થઇ રહ્યુંરે. વારી જાઉંરે.
વશુદેવજીની બેડી તુટી ગઇરે,
સાંકળ દરવાજાની છૂટી થઇરે. વારી જાઉ રે.

દેખી રીઝયા છે જગ પ્રતિપાળનેરે,
વસુદેવે હસ્તમાં લીધા લાલનેરે. વારી જાઉંરે.
પિતાશ્રીના મસ્તકપર શોભતારે,
માહામણિ તેજથી અતિ ઓપતારે. વારી જાઉ રે.

શેષનાગે છાયા કરી પ્રેમથીરે,
ફેણો દેહની પછવાડે વાળી નેમથીરે. વારી જાઉ રે.
જમુના નદીમાં પુર અતિ આવીયારે,
તોયે ગંગાને મન પ્રભુ ભાવીયારે. વારી જાઉંરે.
સમુદ્રને હરખ જેમ વ્યાપીઓરે,

તેમ જુમનાએ મારગ આપીયોરે. વારી જાઉં રે.
પોંહુચ્યા પોંહુચ્યા છે ગોકુળ ગામમાંરે,
હરખે આવ્યા યશોદાના ધામમાંરે. વારી જાઉં રે.
જેવી રીતે કહ્યુંતું તાતનેરે,
તેવી રીતે મૂકી દીધા નાથનેરે. વારી જાઉં રે.
લીધી માયા ને વશુદેવ ચાલીયારે,
હરખ ભેરે કારાગ્રહમાં આવીયારે. વારી જાઉં રે.
લજ્યા રાખી અમારી શ્રી હરીરે,
લાવી માયા દેવકીની આગે ધરીરે. વારી જાઉ રે.
હતી બેડીઓ તેમ પગમાં ધરીરે,
રોવા લાગી છે માયા તે ઘડીરે. વારી જાઉંરે.
હતા તેમ દરવાજા વસઇ ગયારે,
જાગ્રત ચોકીવાળા સરવે થયારે. વારી જાઉં રે.
જાગ્યા જાગ્યા મથુરાના વાસીયોરે,
જાગ્યા કંસ તણા દાસને દાસીઓરે. વારી જાઉં રે.
ચોકીવાળે રૂદન જ્યારે સાંભળ્યુંરે,
તર્ત જોવાને સર્વે ટોળે મળ્યુંરે. વારી જાઉં રે.
ખબર આપવા તર્ત કંસને ગયારે,
સમાચાર હતા તે જઇ કહ્યારે. વારી જાઉં રે.
જાગ્રત થઇને ચાલ્યો છે પાપીયોરે,
ક્રોધ અતિ અંગે અંગ વ્યાપીઓરે. વારી જાઉં રે.
જઇ મારૂં હું મારા કાળનેરે,
પાણી આવ્યા પેહલાં બાંધુ પાળનેરે. વારી જાઉં રે.

કારાગ્રહમાં આવી ઉભો ભૂપજીરે,
કહે દેવકીને બાળ મુને સુંપજીરે. વારી જાઉંરે.
બાળક લીધુ છે હાથમાં જે ઘડીરે,
શીલા પથ્થરની એક નજરે પડીરે વારી જાઉંરે.
પથ્થર ઉપર પછાડયું બાળનેરે,
જાણે દૂર કરી કાળરૂપી ટાઢનેરે. વારી જાઉંરે.

એકદમ બાળક ઉછરીયુંરે,
જઇ આકાશ મારગે ચડીયુંરે. વારી જાઉંરે.
વાણિ થાય છે તેના મુખથીરે,
તારો કાળ જનમીયો સુખથીરે. વારી જાઉંરે.
એવું શુણી ઉદાસી થયો અતિરે,
હાય હાય મુઢ થઈ મારી મતિરે. વારી જાઉંરે.

દેવકીને વશુદેવને છોડીયારે,
મનમાંહ્યે વ્યાપેલા ક્રોધ તોડીયારે. વારી જાઉંરે.
મેંહતો કીધા છે પાપ અતિ ઘણારે,
આઠ બાળક તમારા મ્હેં હણ્યાંરે. વારી જાઉંરે.
એવું કહીને કંસ સમજાવતોરે,
પછી મેહલનો રસ્તો માપતોરે. વારી જાઉંરે.

હવે વ્હાલાની વાત તો કીજીએરે,
પાપી કંસ તણી વાત મૂકી દીજીએરે. વારી જાઉંરે.
જ્યાં મૂકીયા ત્રિલોકી નાથનેરે,
નિંદ્રા દૂર કરી ખબર પડી માતનેરે. વારી જાઉંરે.
ભુવન મંડળને નંદબાવા જાગીયારે,

પ્રભુ જોતાં હર્ષના ઢોલ વાગીયારે. વારી જાઉં રે.
આકાશ મારગે દેવ જોવાને આવીયારે,
થાળ ભરી સગમોતીએ વધાવીયારે. વારી જાઉં રે.
પુષ્પ વૃષ્ટિ આકાશથી થઈ રહીરે,
જાણે આનંદની સરીતા વહી રહીરે. વારી જાઉં રે.
નંદરાયે વિપ્રને તેડાવીઆરે,
ઘણા વિપ્ર હરખભેર આવીયારે. વારી જાઉં રે.
પંચામૃતથી સ્નાન કરાવીયારે,
ગુરૂ પાસે તો નામ પડાવીયારે, વારી જાઉં રે.
શ્રી કૃષ્ણચંદ્ર નામ જ્યારે પાડીયુંરે,
ત્યારે નંદરાયે મુખડું ભાળીયુંરે. વારી જાઉં રે
ભાવતાં ભોજન વિપ્રને કરાવીયારે,
સુંદર વસ્ત્ર આનંદે પ્હેરાવીયારે. વારી જાઉ રે.
દાન આપ્યા વિપ્રને અતિ ઘણારે,
ગામ દામ ગૌ આપી નવ રહી મણારે. વારી જાઉ રે.
ગુરૂજીને રત્ન મોહરો આપતાંરે,
શુભ આશીષ લેઇને હરખાવતાંરે. વારી જાઉં રે.
રત્ન જડીત્ર પારણું બંધાવીયારે,
આનંદ ભેરથી લાલને પધરાવીયારે. વારી જાઉં રે.
સુંદીર જરકશી વાઓ પ્હેરાવીયારે,
વળી ઝીકનો પટકો ઓરાઢીયોરે. વારી જાઉં રે.
મોર પીંછનો મુગટ શીરે શોભતોરે,
સુંદીર ઝીકથી ઝગમગ ઓપતોરે. વારી જાઉં રે.

કાને કુંડલ જડીત્ર શોભતાંરે,
દીપક છાયાથી નંગ અતિ ઓપતાંરે. વારી જાઉંરે.
કરે કડાંને સાંકળાં પ્હેરાવીયારે,
પાયે નાજુક નેપુર શોહાવીયારે. વારી જાઉંરે.
કંઠે ગુંજાની માળા શોભતીરે,
જોડે હીમની માળા અતિ ઓપતીરે. વારી જાઉંરે.
માળા મોતીની ઉરમાં ઝળકતીરે,
જોડે કમળની માળા ચળકતીરે. વારી જાઉંરે
હાર પુષ્પનો કંઠમાં પ્હેરાવીયોરે,
જોડે તુળશીનો હાર ધરાવીયોરે. વારી જાઉંરે.
કેસર ચંદનના તીલક કરીયારે,
અત્તર કાનમાં ખુશબોદાર ધરીયાંરે. વારી જાઉંરે.
બંસી વ્હાલાના હાથમાં શોભતીરે,
તે ઉપર ઘુઘરીયો અતિ ઓપતીરે. વારી જાઉંરે.
રખે લાગે નજર મારા લાલનેરે,
માએ કાજળનું ટપકું કીધુ ગાલનેરે. વારી જાઉરે.
પછી દર્પણમાં બતાવ્યું મુખનેરે,
હર્ષ પમાડયા ત્રીલોકી ભૂપનેરે. વારી જાઉં.રે
દીપમાળ ભુવનમાં થઈ રહીરે,
જાણે જરહરતી જોત બની ગઇરે. વારી જાઉંરે.
ધુપ સુગંધીદાર અતિ કરીયોરે,
વ્હાલા આગળ બાળભોગ ધરીયોરે. વારી જાઉરે.
બાળભોગ આરોગ્યો સામળેરે,

આચમન કરી પમાડયા વિશ્રામનેરે. વારી જાઉંરે.
માનભોગ તૈયાર જ્યારે થયોરે,
પુરી સાકરનો શીરો આગળ ધર્યોરે. વારી જાઉંરે.
પવન કરે છે માત યશોમતીરે,
ભાવે આરોગો લાલ મારીવતીરે. વારી જાઉંરે.
ઘણા વ્હાલથી કાનાને હરખાવતાંરે,
નિર્મળ જળ ભરી ઝારીથી પાવતાંરે. વારી જાઉંરે.
માનભોગ આરોગીયો શામળેરે,
આચમન કરી પમાડયા વિશ્રામનેરે. વારી જાઉંરે.
આરતી કરી કપુરે લાલનીરે,
નીરખે મૂરતી શ્રી જગ પ્રતિપાળનીરે. વારી જાઉંરે.
અર્ઘ્યપાદ્ય કરે માતા પ્રેમથીરે,
જેમ શાસ્ત્રમાં બતાવ્યા તેવા નેમથીરે. વારી જાઉંરે.
હરખે ઝુલાવે લાલને યશોમતીરે,
હાલડાં ગાય છે સુંદીર સુરવતીરે. વારી જાઉંરે.
થોડીવારે ખબર પડી ગામમાંરે,
પ્રભુ જન્મ થયો નંદજીના ધામમાંરે. વારી જાઉંરે
આશોપાલવના તોરણ શોભાવીયારે,
જાણે દિવાળીના દંન આવીયારે. વારી જાઉંરે
ગોપ ગોપી શર્ણગાર સજે પ્રેમથીરે,
પછી દર્શન કરવાને આવે નેમથીરે. વારી જાઉંરે
હર્ષ પામીયા લોક આખા ગામનારે,
મેળો ચાલ્યો યશોદાના ધામમારે. વારી જાઉંરે

કોઇ શ્રીફળ કોઇ મેવો લાવતાંરે,
ભેટ વ્હાલાના આગળ ધરાવતાંરે. વારી જાઉંરે.
આવી કુમકુમ અક્ષતે વધાવતારે,
ગોપ ગોપી પ્રભુના પાયે લાગતારે. વારી જાઉંરે.
મુખડુ નીરખે છે સુંદીર શ્યામનુ રે,
જાણે ગરીબને કામ પડયું દામનું રે. વારી જાઉંરે.
કોટી શશિસમ મુખડું શોભતુંરે,
તેજમય લેલાટ અતિ ઓપતુંરે. વારી જાઉંરે.
ભ્રકુટીની વાત તો શી લહુંરે,
વાણિ નહી પોંહચે કેવી રીતે કહુંરે. વારી જાઉંરે.
જોઇને મોહી રહી છે વૃજની સુંદરીરે,
દીપક સરખી નાસીકા શોભે ઘણીરે. વારી જાઉંરે.
કંઠ હૃદયનો ભાગ શોભી રહ્યોરે,
સાધુ લોકોનો જીવ જ્યાં મોહી રહ્યોરે. વારી જાઉંરે.
હસ્ત અંગુઠો હરીજી ધાવતાંરે,
સરવે બોલાવીને કીલકીલ કરાવતાંરે. વારી જાઉંરે.
ચરણ કમળમાં, જઇ ચિતડું ઠર્યુંરે,
ધન ખોવાઇ ગએલું પાછું મળ્યુંરે. વારી જાઉંરે.
ગોપી ગીત ગાય છે મન ભાવતારે,
ગોપ નાચ નાચીને રીઝવતાંરે. વારી જાઉંરે.
પાયે લાગે છે સુંદીર શ્યામનેરે,
અમો જપીશું નાથ તમ નામનેરે. વારી જાઉંરે.
પંચામૃતનું તીરથ લીએ પ્રેમથીરે,

પંચાજીરી આરોગે અતી નેમથીરે. વારી જાઉરે.
ચરણ કમળની ભક્તિ માગતીરે,
ગોપ ગોપી સરવે ઘેર આવતીરે. વારી જાઉરે.
એવી રીતે ઓછવ રૂડો થાય છેરે,
ગુણ માતા લાલના પ્રેમે ગાય છેરે. વારી જાઉરે.
શોભા વર્ણન ના થઈ શકે નાથનીરે,
એવી અધીક શોભા જગતાતનીરે. વારી જાઉરે.
દાસ ગોપાળે ગુણ ગાયા પ્રેમથીરે,
ભુલચુકનો દોષ ના જોશો હરીરે. વારી જાઉરે.
મુંઢ મતિ અજ્ઞાન મતિ માહારીરે,
કેવી રીતે જાણું કળા તાહારીરે. વારી જાઉરે.
પાર સુરનર મુનીવર ન પામીયારે,
પ્રભુ ભક્તિ કરીને દુઃખ વામીયારે. વારી જાઉરે.
આપ ચરણની ભક્તિ આપજોરે,
જન્મો જનમ દાસ કરી સ્થાપજો. વારી જાઉરે.
રામ પ્રપન્ ગુરૂજી પ્રતાપથીરે,
મારે પ્રીતી બંધાણી જગનાથથીરે. વારી જાઉરે.
ગાઇ લીલા યશોદા લાલનીરે,
શેવા માગું હું ગૈ.પતિપાળનીરે. વારી જાઉરે.
જે ગાય શીખે સાંભળે પ્રીતથીરે,
તેની આશા પુરણ કરે શ્રીહરિરે. વારી જાઉરે.
વ્હાલે પુરીઆ મનના કોડજીરે,
બોલો જયજય શ્રી રણછોડજીરે. વારી જાઉરે.

પદ ૩૧

જગજોતી સ્વરૂપ દીખાઈ દ્યો. એ રાગ.

રૂપ જોતામાં અતિ આનંદ થયો, મેરે મનમાં વસીયો શામળીયો;
અતિ આનંદ અંગ છવાઈ ગયો, મેરે મનમાં વસીયો શામળીયો.
જુઓ રત્ન સિંહાસને શોભે હરી, અંગે પીત પીતાંબર વાઘા ધરી;
વ્હાલે શીરપે કીરીટ મુગટ ધરીયો મેરે મનમાં વસીયો શામળીયો.
કાને કુંડલ ઝગમગ ઝળકે અતિ, માહા તેજમય શોભે લક્ષ્મીપતી;
ભાલે ચંદનનો તીલક કરીયો, મેરે મનમાં વશીયો શામળીયો.
કરે કડાંને સાંકળા પ્હેર્યાં સહી, અતિ સુંદીર બંસરી ઝળકી રહી;
કેહડે કંદોરો હીમતણો ધરીયો, મેરે મનમાં વશીયો શામળીયો.
કંઠે હીરાનો હાર અતિ ઝળકે, વળી મોતીની માળા સુંદીર લટકે;
જોડે મુક્તાનો હાર નંગે જડીયો, મેરે મનમાં વસીયો શામળીયો.
ચર્ણ નેપુરે ઘુઘરી ઘમકી રહી, તેણુ જોતામાં મતિ અંજાઈ ગઈ;
એશો રાધેપતીનાથ કેશરીયો, મેરે મનમાં વસીયો શામળીયો.
માળા તુળશીની પ્હેરીછે ઉરવીશે, પુષ્પમાળા ચરણ સુધી સારી દીશે;
એવો રાય રણછોડ અતિ બનીયો, મેરે મનમાં વસીયો શામળીયો.
કરૂં બિન્તી પ્રભુને હું પાયે પડી, ચર્ણકમળથી પરોના કરશો હરી;
ગોપાળ ગુરૂ પ્રતાપે શરણે પડીયો, મેરે મનમાં વસીયો શામળીયો.

પદ ૩૨

સંત સમાગમ જે જંન કરશે તેને પ્રગટે પ્રેમ જોને. એ રાગ.

એકાંતે મન સ્થીર કરીને, વિધી પુર્વક ઠરતાં જોને,
પ્રેમે જુમના ગંગા નાહતા, સરસ્વતીના પુર ચઢતાં જોને;

તરવેણીના કાંઠે ધજા તો, હરી મંદીરની ફરકે જોને,
સુરતા ઠરતાં દર્શન થાએ હરીવરનું નુર નરખે જોને.
વિશ્વપતીના અનેક રૂપ છે, નટવર પ્રેમે પ્રસન જોને;
ગોપાળ જેવો ભાવ છે જેને, તેવા પ્રભુનાં દર્શન જોને.

પદ ૩૩

રાગ ઉપરનો.

આજ સખીરી હું સુતીતી, ભુવન મંદીર મારે જોને,
મધરાતે વાંસલડી વાગી, વંદ્રાવનમાં જ્યારે જોને;
શુર સાંભળતા ઝબકી જાગી, આનંદ વ્યાપો અંગે જોને,
ધીરજ રાખી માયા લગાડી, સુરતા સખીના સંગે જોને.
સુરતા તારે ચઢી સખીરી, પોંહચી વંદ્રાવનમાં જોને,
હરીવર લીલા નિરખવાની, અશા રાખી મનમાં જોને;
શરદ પુનમની રાતડી રૂડી, પુરણ ચંદ્ર શોભે જોને,
રાસ રમતાં હરીવર દીઠા, મનડું મારૂ લોભે જોને.
રંગ બેરંગી શણગાર સોહે, વીધ વીધ વાજા વાગે જોને,
અખંડ વરની અપાર લીલા, જોવા વીરલા જાગે જોને:
હરીવર લીલા કહી નવ જાએ, પાર ના આવે તેનો જોને,
ગુણવંતા ગોપાળના સ્વામી, કેડો લાગ્યો એનો જોને.

પદ ૩૪

શ્રી રણછોડજીના રૂપમાંરે મન રંગાયું. એ રાગ.

આજે આનંદ કેરી વાતડીરે, સુણ સાહેલી
મારે મનડે હર્ષ ઉભરાય, સાંભળ સાહેલી

એકાંતે બેઠી એકલીરે, સુણ સાહેલી;
લાગી ચટકી ચીતડા માંહ્ય, સાંભળ સાહેલી.
ક્યારે મળું વૃજ લાલનેરે, સુણ સાહેલી;
ક્યારે નિરખુ હરી દેદાર, સાંભળ સાહેલી.
હરીવર ચર્ણ પખાળવારે, સુણ સાહેલી;
ભર્યા ગંગા જુમનાના નીર, સાંભળ સાહેલી,
સમર્યા શ્રી જગનાથનેરે, સુણ સાહેલી;
તર્ત હરીએ ઝાલ્યો હાથ, સાંભળ સાહેલી.
ભુવન રચના મુજનેરે, સુણ સાહેલી;
મુને બતાવી આનંદભેર, સાંભળ સાહેલી.
સુરતા ભુલાવી શામળેરે, સુણ સાહેલી;
હું તો ગભરાઇ મનની માંહ્ય, સાંભળ સાહેલી.
એકદમ મંડપ ઉઘડયોરે, સુણ સાહેલી;
તર્ત આવ્યું છે મુજનેરે ભાન, સાંભળ સાહેલી.
દાસ ગોપાળના લાલનારે, સુણ સાહેલી;
શોભા કેહુતામાં આનંદ થાય, સાંભળ સાહેલી.

પદ ૩૫

રાગ ઉપરનો.

માહાપદ કેરી વારતારે, સુણ સાહેલી;
કહું મંડપની રચનાય, સાંભળ સાહેલી.
રત્ન સિંહાસને શોભતારે, સુણ સાહેલી;
શ્રી અખિલ વિશ્વના નાથ, સાંભળ સાહેલી.
રૂપ અખંડવર નાથનુંરે, સુણ સાહેલી;

મહા તેજમય શોભે અપાર, સાંભળ સાહેલી.
દીવ્ય શણગાર અતિ શોભતારે, સુણ સાહેલી;
એતો મુખથી કહ્યા નવ જાય, સાંભળ સાહેલી.
ચાંદા સુરજ મસાલીયારે, સુણ સાહેલી;
પવન કરે છે વાયુદેવ, સાંભળ સાહેલી.
પ્રેમ થકીરે શ્રી નાથનારે, સુણ સાહેલી;
ચર્ણ પખાળે વરૂણદેવ, સાંભળ સાહેલી.
તેત્રીશ કોટી દેવતારે, સુણ સાહેલી;
હાજર હજુર માંહ્ય સાંભળ સાહેલી.
અનુભવથી હરી જાણીયારે, સુણ સાહેલી;
જાણ્યા ગુરૂજી કેરે પ્રતાપ, સાંભળ સાહેલી.
એ પદ કેરી વારતારે, સુણ સાહેલી:
કોઇ જાણે વીરલા સંત, સાંભળ સાહેલી.
દાસ ગોપાળના લાલનીરે, સુણ સાહેલી;
શોભા જોતામાં ભુલી ગઈ ભાન, સાંભળ સાહેલી.

પદ ૩૧

રાસ.

પ્રથમ સમરૂ શ્રી દીનાનાથનેરે લોલ, મારા ગુરૂજીને કરૂં પ્રણામ;
મારા કૃષ્ણજીરે લોલ. અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ.
વંસરીનો શુર જ્યારે સાંભળ્યોરે લોલ, થઇછે વ્યાકુળ વૃજની નાર;
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ.
કોઇએ મેલ્યાછે ધાવતા બાળનેરે લોલ, કોઇએ મેલ્યાછે ઘર કેરા કામ;
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ.

આવી વંદ્રા તે વનમાં ગોપીયોરે લોલ, પ્રભુ દેખીને મન હરખાય;
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ.
શરદ પુનમની રાતડીરે લોલ, વ્હાલા ઉત્તમ આસો માસ;
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ.
હર્ષ વ્યાપ્યો જ્યારે અંગમાંરે લોલ, શ્રી કાનજીએ રચીયો રાસ;
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ.
એક એક ગોપીને વચ્ચે કાનજીરે લોલ, શોભે સરખા તે સરખી જોડ;
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ.
દીવ્ય શણગાર શોભે અંગમાંરે લોલ, તેનો કેહતાં ના આવે પાર;
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ.
વિશ્વ તે મોહ્યની બંસરીરે લોલ, વ્હાલાએ તે લીધી હાથ:
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ.
હર્ષથી વગાડી મારા વ્હાલમેરે લોલ, શુર પોંહચ્યો ત્રિલોકની માંય:
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ.
શિવ બ્રહ્માદીક જોવા આવીયારે લોલ, આવ્યા તેત્રીશકોટી દેવ;
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ.
પુર્વના પુન્ય જેના જાગીયારે, લોલ, તેતો જોવાને આવ્યા છે રાસ;
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ.
ચંદ્ર આનંદે થોભી ગયોરે લોલ થોભ્યા ગંગા જીમના નીર;
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ.
છુમ છુમ છુમકે ઘુઘરારે લોલ, થાએ નેપુરનો ઝણકાર;
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ
કંઠમાં નાંખી હાથનેરે લોલ, વ્હાલો પાયેથી મેળવે છે તાલ;

મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ.
ફર ફર ફરતાં કુદડીરે લોલ, ગોપી નાચે ને કાનજી ગાય;
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ.
ગોપી ગિરીધર ગિરીધર બોલતીરે લોલ, જોઈ વ્હાલાને બની ગુલતાન;
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ.
થૈ થૈ થેઇકાર થઇ રહ્યોરે લોલ, ગોપી ભુલી તે દેહનું ભાન;
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસં પ્રેમથીરે લોલ
વ્હાલે બંધ તે કીધી બંસરીરે, તર્ત આવ્યું છે ગોપીયોને ભાન;
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ.
વાગે ડાંડીયા ને ઘુઘરી ઘમકેરે લોલ, વૃજનારને આનંદ અતિ થાય;
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ.
ગોપી તાલ કીરતાલ બજાવતીરે લોલ, નાચે નટવરને આનંદ થાય;
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ.
મન પ્રફુલ્લીત થયા વૃજનારનારે લોલ, જેમ ખીલે છે જુઈની વેલ;
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ
નવ જાણે કોઇ લાલના ભેદનેરે લોલ, ખટ મહિનાની કરી એક જામ;
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ.
શોર જયજય શબ્દનો થઈ રહ્યોરે લોલ પુષ્પવૃષ્ટિ આકાશથી થાય;
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ
એવી રીતે આનંદ અતિ ત્યાં થયોરે લોલ લીલા કેહતામાં નાવે પાર;
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ
શુર વ્હાલાને પાગે લાગતારે લોલ રજા માગીને થાય છે વિદાય;
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ.

લીલા જેવી કરીતી સામળેરે લોલ, પુરી થતામાં શોભે એક કાન;
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ.
રાસ પુરો થયો ને સુખ પામીયારે લોલ,પુરી વ્હાલાએ મનની આશ;
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ.
ચર્ણ ભક્તિ પ્રભુની માગતીરે લોલ, ગોપી સરવે મંદરીએ જાય;
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ.
નંદલાલ મંદરીએ આવીયારે લોલ, માતા યશોદાને આનંદ થાય;
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ.
રામ પ્રપન્ ગુરૂજી પ્રતાપથીરે લોલ, રાસ ગાય છે દાસ ગોપાળ;
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ.
જે ગાય શિખે ને સાંભળેરે લોલ, તેની વ્હાલોજી પુરશે આશ;
મારા કૃષ્ણજીરે લોલ, અમને રમાડો રાસ પ્રેમથીરે લોલ.

રાસ.

શ્રી કૃષ્ણજી તે કંઠ કેરૂ ઝુમણુંરે લોલ. એ રાગ.

પ્રથમ સમરૂ શ્રી દીનાનાથનેરે લોલ, મારા ગુરૂજીને કરૂ પ્રણામજો;
વ્હાલા રાસ રમાડો પ્રેમથી.
બંસરીનો શુર જ્યારે સાંભળ્યોરે લોલ, થઇછે વ્યાકુળ વૃજની નારજો;
વ્હાલા રાસ રમાડો પ્રેમથી
કોઇએ મેલ્યાછે ધાવતા બાળનેરે લોલ,કોઇએ મેલ્યાછે ઘર કેરા કામજો;
વ્હાલા રાસ રમાડો પ્રેમથી.
આવી વંદ્રા તે વનમાં ગોપીયોરે લોલ, પ્રભુ દેખીને મંન હરખાયજો;
વ્હાલા રાસ રમાડો પ્રેમથી.
શરદ પુનમની રાતડીરે લોલ, વ્હાલા ઉત્તમ આસો માસજો;
વ્હાલા રાસ રમાડો પ્રેમથી.

હર્ષ વ્યાપ્યો જ્યારે અંગમાંરે લોલ, શ્રી કાનજીએ રચીયો રાસજો;
વ્હાલા રાસ રમાડો પ્રેમથી.
એક એક ગોપીને વચ્ચે કાનજીરે લોલ, શોભે સરખા તે સરખી જોડજો;
વ્હાલા રાસ રમાડો પ્રેમથી.
દીવ્ય શણગાર શોભે અંગમાંરે લોલ, તેનો કેહેતા ના આવે પારજો.
વ્હાલા રાસ રમાડો પ્રેમથી.
વિશ્વ તે મોહ્યની બંસરીરે લોલ, વ્હાલાએ તે લીધી હાથજો;
વ્હાલા રાસ રમાડો પ્રેમથી.
હર્ષથી વગાડી મારા વ્હાલમેરે લોલ, શુર પોંહચ્યો ત્રિલોકની માંહ્યજો;
વ્હાલા રાસ રમાડો પ્રેમથી.
શિવ બ્રહ્માદીક જોવા આવીયારે લોલ, આવ્યા તેત્રીશકોટી દેવજો;
વ્હાલા રાસ રમાડો પ્રેમથી.
પુર્વના પુન્ય જેના જાગીયારે લોલ, તેતો જોવાને આવ્યાછે રાસજો;
વ્હાલા રાસ રમાડો પ્રેમથી.
ચંદ્ર આનંદે થોભી ગયોરે લોલ, થોભ્યા ગંગા જુમનાના નીરજો;
વ્હાલા રાસ રમાડો પ્રેમથી.
છુમ છુમ છુમકે ઘુઘરારે લોલ, થાએ નેપુરનો ઝણકારજો;
વ્હાલા રાસ રમાડો પ્રેમથી.
કંઠમાં નાંખી હાથનેરે લોલ, વ્હાલો પાયેથી મેળવે છે તાલજો;
વ્હાલા રાસ રમાડો પ્રેમથી.
ફર ફર ફરતાં કુદડીરે લોલ, ગોપી નાચે ને કાનજી ગાયજો.
વ્હાલા રાસ રમાડો પ્રેમથી.
ગોપી ગિરીધર ગિરીધર બોલતીરેલોલ,જોઈ વ્હાલાનેબની ગુલતાનજો;

વ્હાલા રાસ રમાડો પ્રેમથી.
થૈ થૈ થેઠકાર થઇ રહ્યોરે લોલ, ગોપી ભુલી તે દેહનું ભાનજો;
વ્હાલા રાસ રમાડો પ્રેમથી.
વ્હાલે બ ધ તે કીધી બંસરીરે લોલ, તર્ત આવ્યુછે ગોપીયોને ભાનજો;
વ્હાલા રાસ રમાડો પ્રેમથી.
વાગે ડાંડીયા ને ઘુઘરી ઘમકેરે લોલ, વૃજનારને આનંદ અતિ થાયજો;
વ્હાલા રાસ રમાડો પ્રેમથી.
ગોપી તાલ કીરતાલ બજાવતીરે લોલ, નાચે નટવર ને આનંદ થાયજો;
વ્હાલા રાસ રમાડો પ્રેમથી.
મન પ્રફુલીત થયા વૃજ નારનારે લોલ, જેમ ખીલે છે જુઇની વેલજો;
વ્હાલા રાસ રમાડો પ્રેમથી.
નવ જાણે કોઇ લાલના ભેદનેરે લોલ, ખટ મહિનાની કરી એક જામજો;
વ્હાલા રાસ રમાડો પ્રેમથી.
શોર જયજય શબ્દનો થઇ રહ્યોરે લોલ, પુષ્પવૃષ્ટિ આકાશથી થાયજો;
વ્હાલા રાસ રમાડો પ્રેમથી.
એવીરીતે આનંદ અતિ ત્યાંથયોરે લોલ,લીલા દેહનામાં નાઆવેપારજો;
વ્હાલા રાસ રમાડો પ્રેમથી.
શુર વ્હાલાને પાયે લાગતારે લોલ, રજા માગીને થાય છે વિદાયજો;
વ્હાલા રાસ રમાડો પ્રેમથી,
લીલા જેવી કરીતી શામળેરે લોલ, પુરી થતામાં શોભે એક કાનજો;
વ્હાલા રાસ રમાડો પ્રેમથી.
રાસ પુરો થયોને સુખ પામીયારે લોલ, પુરી વ્હાલાએ મનની આશજો;
વ્હાલા રાસ રમાડો પ્રેમથી.

ચર્ણું ભક્તિ પ્રભુની માગતીરે લોલ, ગોપી સર્વ મંદરીએ જાયજો;
વ્હાલા રાસ રમાડો પ્રેમથી.
નંદલાલ મંદરીએ આવીયારે લોલ, માતા યશોદાને આનંદ થાયજો;
વ્હાલા રાસ રમાડો પ્રેમથી.
રામ પ્રપન્ ગુરૂજી પ્રતાપથીરે લોલ, રાસ ગાય છે દાસ ગોપાળજો;
વ્હાલા રાસ રમાડો પ્રેમથી.
જે ગાય શિખે ને સાંભળેરે લોલ, તેની વ્હાલોજી પુરશે આશજો;
વ્હાલા રાસ રમાડો પ્રેમથી.

પદ ૩૭

વંદ્રા તે વનમાં રહીએ, ચાલો સખી વંદ્રા તે વનમાં રહીએ.

બંસરીએ મન હરી લીધા, મોહન તારી બંસરીએ મન હરી લીધા;
સાંભળતાં શુદ્ધ બુદ્ધ ભુલીરે, તન મન વ્યાકુળ કીધા મો.
પુત્ર પરિવાર મંદીર મૂકીયારે, ભોજન વીસારી મ્હેલતો દીધા; મો.
રો થામાં કાજળ નેણમાંહી હીંગળોક, અવળા આભુષણ પ્હેરી લીધા. મો.
એકાએક થઇને ચાલી ઉતાવળીરે, લીધા ગંગાના મારગ સીધા. મો.
ગોપાળના સ્વામીને કાંઠે નિરખીયા અમૃત ચર્ણામૃત પીધા. મો.

પદ ૩૮

તમથી બંધાણી મારે પ્રીતી--શ્રી કૃષ્ણચંદ્ર તમથી બંધાણી મારે પ્રીતી. એ રાગ.

ગાંડા ઘેલા થઇ ફરીએ, આ ગોકુળમાંહી ગાંડા ઘેલા થઇ ફરીએ;
શ્રી કૃષ્ણનું નામ ઉચરીએ, આ ગોકુળમાંહી ગાંડા ઘેલા થઈ
ફરીએ એ ટેક.
ગલી ગલી ફ્રીરકર શ્યામને ઢુંઢત, ક્યારે મોહનવરને મળીએ. આ.

કાનજી કાળા મોરલીવાળારે, કયારે હરીવર નિરખીએ. આ.
ફરતાંરે ફરતાં ગોપીકા થાકીરે, ત્યારે દર્શન દીધા હરીએ. આ.
દાસ ગોપાળના સ્વામી શામળીયા. જોતામાં દુઃખ વિસરીએ. આ.

પદ ૩૯

ઇસ તન ધનકી કોન બડાઈ. એ રાગ.

નંદ કુંવરની બંસરી વાગી, ભર નિંદ્રામાંથી ઝબકીને જાગી. નંદ.
નિંદ્રામાં મૂકયા મ્હેં ઘરના સૌને, કયાં વાગી બંસરી કયાં હું તો જઉંરે. નંદ.
જુમનાના કાંઠે ગઈ નિરખ્યા નટવરજી, રાસ રમતાં ગોપી સંગે ગિરધરજી. નંદ.
યશોદા કુંવરના મ્હેં દર્શન કરીયા, ગિરીવરધારી જોતાં મન મારા ઠરીયા. નંદ.
દાસ ગોપાળના સ્વામી શામળીયા, રાસ પુરો થયો મંદીરે વળીયા. નંદ.

પદ ૪૦

રાગ ઉપરનો.

કૃષ્ણ વીના મુંને જરી નથી ગમતું, નંદકુંવરમાં મન રહ્યું ભમતું. કૃષ્ણ.
આશા લગાડી મુને હવે નથી મળતાં, ગલી ગલી શોધુ પણ શ્યામ નથી જડતા કૃષ્ણ.
યશોદાના લાલા કામણગારા, છેલ છબીલા એછે મન હરનારા. કૃષ્ણ.

વ્હાલો મળે તો સુખ મુને થાએ, મોહનવર નિરખે દુઃખ મારા
જાયે. કૃષ્ણ.
દાસ ગોપાળ કહે છે ગુરૂજી પ્રતાપે, વ્હાલા મળેથી આનંદ
વ્યાપે. કૃષ્ણ.

પદ ૪૧

જાગ જોતી સ્વરૂપ દીખાઇ દીયો. એ રાગ.

માગુ ભક્તિ સદા હું શ્રી મોહનકી, કયા કહું અકળકળા શ્રી
રાધેવરકી;
શેવા કરૂં યશોદાજી નંદનકી, કયા કહું અકળકળા શ્રી રાધે-
વરકી. એ ટેક.
અંતરયામી પ્રભુ એ છે જગ્તપતિ, ભક્ત કાજે અવતાર લીધા
છે અતિ.
એમ શાસ્ત્રો વદતા એ વિવેકથી, કયા કહું અકળકળા શ્રીરાધેવરકી.
વ્હાલે દેવકીજીને ત્યાં જન્મ લીયો, માત યશોદાને ત્યાં
આનંદ કીયો;
ભુમિ પાવન કરી દીધી વ્રીજકી, કયા કહું અકળકળા શ્રી
રાધેવરકી.
વ્હાલે બાળપણામાંહી ખેલ કર્યા, ઘણા રાક્ષસો મારીને દુઃખ હર્યા;
એવી અજબ કૃતી દીસે નટવરકી, કયા કહું અકળકળા શ્રી
રાધેવરકી.
તોળ્યો ગોવરધન આંગળીયેથી હરી, ગર્વ ઉતાર્યો ઇંદ્રનો
જરીએ જરી;
વ્હાલે રક્ષા કીધી શ્રી ગોકુળકી, કયા કહું અકળકળા શ્રી રાધેવરકી.

રમ્યા ગોપી સંગે રાસ ગિરધારી, તોયે કેહવાયા શ્રીકૃષ્ણ બ્રહ્મચારી;
મારી કંસ સાહ્ય કીધી ભક્તાનકી, કયા કહું અકળકળા શ્રી રાધેવરકી.
એવા કૃષ્ણચંદ્ર પ્રભુ સુખકારી, ગુણ ગાવાને હરખે મતિ મારી;
મુને આશા રહી શ્યામ સુંદરકી, કયા કહું અકળકળા શ્રી રાધેવરકી.
કરો ગોપાળ ભક્તિ શ્રી ભગવંતકી, સદા સેવા કરો ગુરૂ ચર્ણનકી;
છબી અંતરમાં દેખો વિશ્વંભરકી, કયા કહું અકળકળા શ્રી રાધેવરકી.

પદ ૪૨

વારી જાઉરે લાલા તારા નામનેરે. એ રાગ.

ભાઈ ભજને ભાવે સત્યદેવનેરે, દયાસિંધુ વ્હાલમજી સેવનેરે.
ભાઈ ભજને.
વ્હાલો મન વાન્છિત ફળ આપશેરે, તારૂં ધારેલું દુઃખ સૌ
કાપશેરે. ભાઇ ભજને.
વ્હાલે બ્રાહ્મણનુ દારિદ્ર કાપવારે, લીધું વીપ્રનું રૂપ સુખ
આપવારે. ભાઇ ભજને.
પુજન કરતા વીપ્રનું દુઃખ કાપીયુંરે, મન વાન્છિત ફળ તેને
આપીયુંરે. ભાઈ ભજને.
શુણી વિન્મી કઠીઆરાની જે ઘડીરે, કથા કરતામાં સાહ્ય કીધી
શ્રીહરીરે. ભાઇ ભજને.
સાધુવાણીઆએ ભૂલતો બહુ કરીરે, બાધા રાખી કથા તેને ના
કરીરે. ભાઈ ભજને.
તર્ત પારખુ બતાવ્યું છે વ્હાલમેરે, મળી કેદ પામ્યા અગ્નીરૂપી
ઝાળનેરે. ભાઈ ભજને.

જ્યારે પૂજીયા શ્રી સુંદીર શ્યામનેરે, દુઃખ દુર થયું પામ્યા
વિશ્રામનેરે. ભાઈ ભજને.
તજયો પ્રસાદ પ્રભુનો જ્યારે વનમાંરે, તેથી દુઃખ પામ્યો
રાજન મનમાંરે. ભાઇ ભજને.
વનમાં આવી પ્રશાદ લીધો જે ઘડીરે, હતી તેવી સંપતિ સરવે
મળીરે. ભાઇ ભજને.
એવો પરમકૃપાળુ છે વ્હાલમોરે, ભક્તિ કરતામાં વશ થાય
શામળોરે. ભાઇ ભજને.
વ્હાલો ચારે પદારથ આપતોરે, મનમાં હોય તેવા દુઃખ
કાપતોરે. ભાઇ ભજને.
રામ પ્રપન્ ગુરૂજી પ્રતાપથીરે, થઇ ગોપાળની પ્રીતિ નાથથીરે.
ભાઈ ભજને.
માગુ પ્રેમથી પ્રભુજી એટલુંરે, ચર્ણ ભક્તિ આપો ચિતડું ઠર્યુરે.
ભાઇ ભજને.

પદ ૪૩

શ્રી કૃષ્ણજી તે કંઠ કેરૂ ઝુમણુંરે લોલ. એ રાગ.

હાંરે રૂડા રંગીલા શ્રી નાથજીરે લોલ,
મારા સત્યનારાયણ દેવજો, વ્હાલા લાગો છો રંગ રસીયા.
ધન્ય દિવસ ધન્ય ઘડી આજનીરે લોલ, મારા અંગે આનંદ
નવ માયજો. વ્હાલા લાગો છો.
વ્હાલા શોભા તે શી કહું આપનીરે લોલ, જોતાં ઠરી ગયા
મારા નેણુજો. વ્હાલા લાગો છો.

પ્રભુ સુંદીર મંડપમાં શોભતારે લોલ, રૂપ જોતામાં મન
હરખાયજો. વ્હાલા લાગો છો.
અતિ તેજોમય શોભે તમ મુખડુરે લોલ, લજ્યા પામે કોટી
કામદેવજો. વ્હાલા લાગો છો.
લીલી મખમલના વાઘા પ્હેરીયારે લોલ, માંહી ઝગકે છે
ઝગમગ ઝીકજો વ્હાલા લાગો છો.
વ્હાલા મનોહર મુગટ શીર શોભતોરે લોલ, રત્નકુંડલ ઝળકે
કાનજો. વ્હાલા લાગો છો.
કરે કડાને સાંકળા હીમનારે લોલ, ભાલે તિલક શોભે વિશાળજો.
વ્હાલા લાગો છો.
શોભે કંઠીઓ કંડમાં હીમનીરે લોલ, જોડ શોભે છે મુક્તાનો
હારજો. વ્હાલા લાગો છો.
હાર મોતીનો પ્હેર્યો છે ઉરમાંરે લોલ, શોભે વેજંત્રીને વિજય
માળજો. વ્હાલા લાગો છો.
કેહડે કંદોરો શોભે હીમનોરે લોલ, પાયે નેપુરનો ઝણકારજો.
વ્હાલા લાગો છો.
ચર્ણ સુધી પુષ્પનો હાર શોભતોરે લોલ, ધરી કંઠમાં તુળસીની
માળજો. વ્હાલા લાગો છો.
ધરી તુળસીને ચંદન પાયમાંરે લોલ, અત્તર મ્હેકે છે અંગની
માંહ્યજો. વ્હાલા લાગો છો.
બીજા સણુગાર અતિ શોભતારે લોલ, તેનો કેહતાં ના આવે
પારજો. વ્હાલા લાગો છો.
સંતરામ પ્રપનજીના નાથજીરે લોલ, જોતાં હરખે છે દાસ
ગોપાળજો. વ્હાલા લાગો છો.

પદ ૪૪

સમરણુ શામળીયાનુંરે કરતાં ભવના બંધન છુટે.

આવો આવો હરીજંનરે, લ્યોને ભજન તણો આ લાહવો;
ગુણગાતા શ્રી સીતાવરના, શા માટે સરમાવો. આવો.
ઘડી પળકી ભાઇ ખબર નહી ને, વખત ન આવે હાવો;
હરી નામનું સમરણુ કરતાં, હૃદય કમળ પુલાવો. આવો.
સમરણુ કરીએ શુદ્ધ પ્રેમથી, ભજન તણો આ પુરાવો;
કાળ તણું તો જોર ન ચાલે, જમનો છૂટે દાવો. આવો.
હરીજંન સંતે પ્રેમ ધરી, જુવો સુંદર વરને ગાયો;
પ્રપંચ તજી ગોપાળ ભજે તે, પ્રભુને મનડે ભાવ્યો. આવો.

પદ ૪૫

લાવ લાવ લટકંતી વૃજનાર કે મેવા મીઠડારે લોલ.

વંદુ તુળસીદાસ રસરૂપ, અનોપમ સારનેરે લોલ,
ભુલે રામકથા રસ જોતાં, વેદ પુરાણુનેરે લોલ;
અક્ષરે અક્ષરે ઉત્તમ બોધકે, હરીજન જાણુતાંરે લોલ,
માંહી વેદ પુરાણુના સારને, જોઇ સુખ માણુતાંરે લોલ.
નિતી શુદ્ધ વિવેક વૈરાગકે, ઉત્તમ જ્ઞાનનીરે લોલ,
સંગત કરતા ટળતી રાત્રીકે, મોહ અજ્ઞાનનીરે લોલ;
હરીજન શોધી ઉત્તમ તત્વકે, શમરે નામનેરે લોલ,
પ્રભુના ચણુંનું ધરતાં ધ્યાનકે, પામે સુખ ધામનેરે લોલ.
ગોપાળ ગુરૂ પ્રતાપે શોધીને, ઉત્તમ સારછેરે લોલ,
જે પદ પામ્યા લક્ષમણુ વીર, તે હરીનું ધામછેરે લોલ,

પદ ૪૬

મારા મોહનવર મન ગમતારે. એ રાગ.

જમવાને પ્રભુજી પધારોરે, મોહનવર મારા,
આનંદે પ્રભુજી પધારોરે; મોહનવર મારા;
આવો પ્રભુ ચર્ણ પખાળુ, રત્ન બાજટપર બેસાડુ,
પવન કરૂં ને હેતે જમાડુંરે, મોહનવર મારા. જમવાને.
અતિ આનંદ અંગમાં લાવી, ભાત ભાતની રસોઇ બનાવી;
શુદ્ધ થાળમાં પિરસાવીરે, મોહનવર મારા. જમવાને.
મ્હે કીધા છે પકવાન સારા, જમવાને આવો પ્યારા;
રસીકવર નંદ દુલારારે, મોહનવર મારા. જમવાને.
ઘણી જાતના પાક કર્યા છેરે, જુદા જુદા સરવે ધર્યા છે;
ભાત ભાતના ભજીયા તર્યા છે, મોહનવર મારા. જમવાને.
શીરોપુરી વડા છે સારા, ઘણી જાતના લાડુ ન્યારા;
જમજોને છેલ છોગાળારે, મોહનવર મારા. જમવાને.
ઘણી જાતની શાક ને ભાજી, કરી છે તાજી તાજી;
જમતાં થશો રાજી રાજીરે. મોહનવર મારા. જમવાને.
છે પાપડ પુલવડી સારી, ખુબી રાયતાની ન્યારી;
મુરબ્બા ધર્યા છે મોરારીરે, મોહનવર મારા. જમવાને.
ઘણી જાતની દાળ કરી છે, જોડે દહીની કઢી ધરી છે;
જમી કેહજો કેવી સરીછેરે, મોહનવર મારા. જમવાને.
ભાત કમોદનો મ્હેં ધર્યો છે, આપ કાજે સુંદર બન્યો છે;
લવીંગથી વઘાર કર્યો છેરે, મોહનવર મારા. જમવાને.

વર્ણન કરતાં વાણી થાકે, ઘણીવાર પ્રભુજી લાગે;
ધર્યું સરવે આપની આગેરે, મોહનવર મારા. જમવાને.
જમતાં સૌ ચીજો જોજો, જે જોઇએ તે માગી લેજો;
ભૂલચૂકની માફી દેજોરે, મોહનવર મારા. જમવાને.
મોહનવર છો મન ગમતાં, રખે જમતાં પ્રભુજી રમતાં;
મારા વ્હાલા રાખજો સમતારે, મોહનવર મારા. જમવાને.
રૂપા ઝારી નંગે જડી છે, ગંગાના જળથી ભરી છે;
આપ આગળ પ્રભુજી ધરી છે, મોહનવર મારા. જમવાને.
જમી રહો તો આચમન કરાવું, રૂમાલથી મુખ લોવરાવું:
પછી તાંબુલ પ્રભુજી ધરાવુંરે, મોહનવર મારા. જમવાને.
ચોપાટ બાજી છે સારી, આપ સારૂ ચોકમાં ઢાળી;
હોય રમવા મરજી તમારીરે, મોહનવર મારા. જમવાને.
કેહશો તો ભીતુ થઇશું, આપ સાથે લાહવો લેઇશું;
કહે ગોપાળદાસ થઇ રહીશુંરે મોહનવર મારા. જમવાને.

પદ ૪૭

આરતી.

જયજય સત્ય દેવા, (૨) આરતી કરીએ તમારી, (૨)
કરીએ સદા શેવા, જયો જયો શ્રી સત્ય દેવા;
એક અખંડ અનંત, અજરામર સાચા (પ્રભુ), (૨)
નિરાકાર નિરંજન, (૨) પ્રભુ દો શુભ વાચા. જયો જયો શ્રી.
નારાયણ નરેશ, સત્તા થકી વ્યાપ્યો, (પ્રભુ) (૨)
કૃપા કરીને સ્વામી, (૨) નિર્મળ મતિ આપો. જયો જયો શ્રી.

કોટી પ્રભુ અવતાર, ધારણ તો કીધા; (પ્રભુ) (૨)
દુષ્ટ દૈત્યો હણીને, (૨) ભકતોને સુખ દીધા. જયો જયો શ્રી.
મોહનવર ઘનશ્યામ, ગોવિંદ ગિરધારી; (પ્રભુ) (૨)
રત્નાગર ગુણ સાગર, (૨) કૃષ્ણ મોરારી. જયો જયો શ્રી.
જગન્નાથ જગદીશ, ગોવરધન ધારી; (પ્રભુ) (૨)
પરીબ્રહ્મ કુંજવિહારી, (૨) શ્રીપતિ મહીધારી. જયો જયો શ્રી.
શ્રીધર પરમાનંદ, ત્રિભુવન નાથા; (પ્રભુ) (૨)
અનેક નામ તમારા, (૨) જયજય જગત્રાતા. જયો જયો શ્રી.
શ્રી સત્ય પ્રભુની આરતી, જે કોઇ ગાશે; (પ્રભુ) (૨)
શ્રી સત્યદેવ કીરપાથી, વૈકુંઠે જાશે. જયો જયો શ્રી.

પદ ૪૮

શ્રી રામચંદ્ર કૃપાળુ ભજમન હરણ ભવભવ સારણંમ. એ રાગ.

શ્રી શ્યામ સુંદીર શ્રી દયાળુ, ભજમન છે એ દુઃખ હરમ,
શ્યામ રંગ શોભે અંગમાં, અતિ રંગના આભુષણમ;
શિર મુગટ કુંડલ કાન, મુક્તામાળ કંઠે ઓપી તમ,
સુખચંદ્ર આનંદ કંદ, શ્રી રાજેંદ્ર પ્રભુજી શોભીતમ.
શોભે તિલક ભાલ વિશાળ, મોતીમાળ ઉરે મનહરમ,
એવા પ્રભુ વૈકુંઠપતી છે, નાથજીએ સુખકરમ;
ભજો દીનબંધુ દયાળ, લક્ષમીનાથ શ્રી નારાયણમ,
શ્રી સત્યદેવાનાથ પ્રભુ, ભવભય થકી તારાયણમ.
ઈતી વદત દાસ ગોપાળ વિન્તી સુણી કરો મનરંજનમ,
મમ મતિ શુભ કૃપાળ કરી દો ભક્તિ દો દુઃખ ભંજનમ.

પદ ૪૯

સંત સમાગમ જે જંન કરશે તેને પ્રગટે પ્રેમ જોને. એ રાગ.

(આ પદમાં પોતાનો અંતરનો ભાવ દર્શાવ્યો છે.)

કોને કહીએ શ્રી શામળીયા, મન તણી તો વાત જોને,
અંતરયામી સરવે જાણો, શ્રીપતિ વિશ્વનાથ જોને;
માયા લગાડી શામળીયાજી, દર્શન મુજને દીધા જોને,
હવે શામળીયા કેમ રીસાવો, ગુન્હા હમે શું કીધા જોને.
ભલે રીસાવો આપ પ્રભુજી, હું કેડો નવ મૂકુ જોને,
દેહ પડે તો ભલે પડે પણ, પ્રીતમ રસ કેમ ચૂકુ જોને;
પુર્વ જનમના સંસ્કાર મારા, તે વાર્યા કેમ વરીએ જોને,
ગીતાજીમાં કહ્યું છે આપે, પેલે ભવ પણ મળીએ જોને.
પતિ વૃતાતો ધર્મ ના ચૂકે, શુરા રણમાં લડશે જોને,
જે સરિતા ચાલી સાગરમાં, તે પાછી કેમ વળશે જોને;
સંસારી શું સમજે વાતો, વીરલા સંતો જાણે જોને,
મુસ્તક જાતાં ટેક ના મેલે, હરી સંગે સુખ માણે જોને.
માટે હરીવર શરણે રહીશું, અરજી મારી છેલ્લી જોને;
દાસ ગોપાળ કહે તમે પ્રભુજી, અંતસમયના બેલી જોને.

(આ નીચેના પદથી ઉત્તમ જે શાસ્ત્રનો સાર છે તે કહે છે.)

પદ ૫૦

મન તું ક્યારે આકુ અકળાય બીજે નથી બોલતો. એ રાગ.

મન તું ક્યારે આકુ [illegible], [illegible]

સતસંગે તો મન નીરમળ બને, જેથી સત્ય તત્વ ઓળખાય.
કર સતસંગને.
સતસંગ તત્વ દર્શી સંતનો, જેની સંગે માહાસુખ થાય.
કર સતસંગને.
સત્ય નામ હરીનું રે જાણીએ, નામ સમરે સ્વરૂપ સમજાય.
કર સતસંગને.
હરીના ચર્ણનું ધ્યાન ન ચૂકીએ, ધ્યાન ધરતામાં ભવરોગ જાય.
કર સતસંગને.
ગોપાળ પ્રેમે કરો સતસંગને, લાગો હરીગુરૂ સંતને પાય.
કર સતસંગને.

પદ ૫૧

ગુરૂ બ્રહ્માનાં ચર્ણ ઉપાસીએ ભવરોગ સમુળો જાશ. એ રાગ.

હરિજન ભક્તિ કરો ભગવાનની, જેથી થાએ અવિદ્યાનો નાશ;
વચન સત્ય માનીએ.
રાત્રી ભુષણ શોભેરે ચંદ્રમા, દિવસા ભુષણ શોભેરે ભાણ;
વચન સત્ય માનીએ.
દાસા ભુષણ ભક્તિને જાણીએ, ભક્તિ ભુષણ ઉત્તમ જ્ઞાન;
વચન સત્ય માનીએ.
જ્ઞાના ભુષણ ધ્યાનને માનીએ, ધ્યાના ભુષણ ઉત્તમ ત્યાગ;
વચન સત્ય માનીએ.
ત્યાગનું ભુષણ શાન્તિને જાણીએ, શાન્તિ પદમાં ન મળે દાઘ;
વચન સત્ય માનીએ.

એવું વચન તુળસીદાસનું, ગોપાળ સમજે તે સંત સુજાણ;
વચન સત્ય માનીએ.

દોહરા.

વર્ણાશ્રમના ધર્મને, જે જન પાળે તેહ;
ભક્તિ મીલે ભગવાનકી, નહી જરી સંદેહ.

આસુરી દૈવી સંપતી, દોઈ વિશ્વમાં જાણ;
આસુરી ચાલે ઉલટી, દૈવી શાસ્ત્ર પ્રમાણ.

કરે સેવા માત તાતની, નર્કથી તારે સોઈ;
ગોપાળ સમરે શ્રી હરી, પુત્ર કહાવે સોઈ.

ગોપાળ શુભ અશુભ જે, કરો ગમે તે કામ;
જાણે વિશ્વનો નાથ તે, અંતરયામી રામ.

સજન તેને જાણીએ, નિત્ય કરે સતસંગ;
પ્રેમ ભક્તિને મેળવે, સત્ય તત્વનો રંગ.

નવધા ભક્તિ કીજીએ, ધરી ટેક મન માંય;
દસમી પ્રગટે પ્રેમથી, તો ગોપાળ સુખ થાય.

પતિવ્રતા પતિ આજ્ઞાને, લોપે નહી લગાર;
જગમાં તેહી નારને, પતિવ્રતા તું જાણ

ફળ રહીત જે કર્મ છે, સોઇ કર્મ તું જાણ;
ગોપાળ કર્મ અકર્મ બને; શ્રી મુખ વાકય પ્રમાણ.

ગોપાળ સદગુરૂ જો મીલે, જ્ઞાન ચક્ષુ જો દે;
ચેતન નિરખે વિશ્વમાં, નહી જરી સદેહ.

ઘરમાં રહો કે વન ફીરો, કરો કોટી ઉપાય;
તત્વ દર્શન થયા નહી, ગોપાળ મીથ્યા જાણુ.

ઉત્તમ ભક્તિ દો ગણી, સહજ સમાધી એક;
દુજી પ્રેમ લક્ષણા, ગોપાળ શાસ્ત્રનો લેખ.

પ્રેમ પ્રેમ સબ કોઈ કહે, પ્રેમ ન જાણે કોઈ;
જે પ્રેમે હરી મીલતહે, પ્રેમ કહાવે સોઈ.

પ્રેમ ખરો વૃજ નારનો, ભુલી સરવે કામ;
ચિત રહ્યું શ્રી કૃષ્ણમાં, જ્યાં ત્યાં નિરખે શ્યામ.

કામ ક્રોધને લોભ જે, ત્રણ નર્કના દ્વાર:
ગોપાળ તજે જે ત્રણને, માહા સંત તું જાણ.

રાગ દ્વેષને દુર કરે, ધન્ય ધન્ય તે હરીજંન;
ધન્ય ધન્ય માતા તેહની, જેને પ્રગટયો પરમ નંદ.

ઉત્તમ તેને જાણીએ, યોગી કયાં હરીજન;
પ્રેમ ધરી હરી ચર્ણમાં, મન કરે અરપણ.

એક હરીજંન લખાવેલો આરતી સ્તુતિનો છંદ.

રામચંદ્ર ભજ રામ કૃષ્ણ ગોપાળ દામોદર,
હરી માધવ મદ સુંદીર શ્યામ;
કાળી મર્દંગ કંસની છેદન. દેવકી નંદન તુમ શર્ણા.
ચક્રપાણી માહારાજ મહેશ્વર, જલ સાએર મંગળ કરના;
એ હરી નામ જપો વિશ્વાસી, જન્મ જનમકે ભય હરના
હરગોવીંદ પરમાનંદ ભજ ગોવીંદ રામા;

નાગર નવલ કીશોર મનોહર, સુરત સુંદીર શ્યામા.
મોર મુગટ પીતાંબર શોભે, કુંડલ ઝળકે કાના;
વંદ્રાવનમાં રાસ રચ્યો છે, સહસ્ર ગોપી એક કાના.
ગુરૂ પ્રતાપ સાહેબકી સંગત, રામજી મીલ્યા હરી શર્ણા;
બોલો સીતારામ લછમણ, ભરત શત્રુઘન હનુમાન હરી નમો નમો.
સરજુ કે તીર અયોધ્યા નગરી, ચિત્રકોટ વિશ્રામા;
ઉજ્જન નગરી સપરાતિરથ, અંગપાન વિશ્રામા.
બ્રહ્મા જેનો પાર ન પાવે, ગાવે શિવ સનકાદી નારદ;
કહેત પ્રેહલાદ સુનોભાઇ સાધુ, અમે પઢો ભાઇ તમે પઢો.
પ્રીયા હરીનારાયણ દુષ્ટ નીવારણ, પરમાનંદ પુરણ પુરૂષોતમ;
ભક્ત પ્રેહલાદ અખંડ લોચન, નારાયણ પ્રભુ દાસોતમ.

બોલો

અચ્યુતં કેશવં રામ નારાયણં, કૃષ્ણ દામોદરં વાસુદેવ હરે;
શ્રીધરં માધવં ગોપીકા વલ્લભં શ્રી જાનકી નાયકં.
શ્રી રામચંદ્ર દેવકી જય.

(દુહો.)

વાર વાર વર માગ હું, હર્ષ દીયો શ્રીરંગ;
પદ શરોજ અનપાયની ભક્તિ સદા સતસંગ.
સીયાવર રામચંદ્રકી જય.

નમસ્કારં.

જે નિરંજન નિર્વિકાર અજરામર અવિનાશી નિરાકાર જેનું રૂપ વિચારમાં પણ આવી શકતું નથી તે પ્રભુને મારા વારંવાર નમસ્કાર હો. જે થકી આ સઘળા વિશ્વનું મુળ કારણ પ્રકૃતી ઉત્પન્ન થએલ છે ને તે જેમાં લીન થાય છે ને જેણે કરીને તે ધારણ કરાય છે. તે વિશ્વના નિયંતા અંતરયામીને નમસ્કાર હો. જેમની કૃપા મુગા ને વાચાળ છે, ને પાંગળાને પર્વત ઓળંગાવે છે તે પરમાનંદ મૂર્ત્તિ શ્રી લક્ષ્મીના પતી શ્રી આદીનારાયણ પરબ્રહ્મ સચીદાનંદ પ્રભુના ચરણકમળમાં મારા વારંવાર નમસ્કાર હો. જેનું યોગેન્દ્ર જપ કરીને તત્વરૂપને પ્રાપ્ત થાય છે તે પ્રણુવ ઓમકાર શબ્દને વારંવાર નમસ્કાર હો. જે પોતાની ઇચ્છાથી ધર્મનું સ્થાપન કરવાને સાધુ પુરૂષના રક્ષણ માટે જેણે રામકૃષ્ણ ઇત્યાદી અનેક અવતાર ધારણ કરી ભક્તના મનરંજન કર્યા છે તે પ્રભુને મારા વારંવાર નમસ્કાર હો. જે પ્રભુના શુદ્ધ પ્રેમથી નામ માત્રનું સ્મરણ કરતાં સઘળા પાતકો બળીને ભસ્મ થઈ જાય છે તે પ્રભુના સહસ્ર નામને મારા વારંવાર નમસ્કાર હો. મારી અવિદ્યારૂપી રાત્રીનો નાશ કરી જેને જ્ઞાનરૂપી સુર્યનો ઉદય કરાવી જેને તત્વ સ્વરૂપ પ્રાપ્ત કરવાને ભાગ્યશાળી બનાવ્યો છે. તેવા સદ્ગુરૂને મારા વારંવાર નમસ્કાર હો.

ઓમ્ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

પ્રુષ્ટ.	પદ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૭	૧	૬	મોરારી	મુરારી
૭	૧	૭	ખોલ્યા	ખુલ્યા
૭	૧	૭	મુખડે	મુખડુ
૧૨	૮	૯	જેતો	જેનો
૨૯	૩૦	૬	લાવજારે	લાવજોરે
૩૨	૩૦	૧૯	સેરથી	સેરેથી
૩૨	૩૦	૨૦	ઝ્હેરાવીયારે	ઝ્હેરાવીયોરે
૩૯	૩૪	૧૫	લાલનારે	લાલનીરે
૪૩	રાસ	૯	ઉત્તપ	ઉત્તમ
૪૪	રાસ	૧૯	કંડમાં	કુંડમાં
૪૮	૪૧	૧૦	કીધી	કરી

ધી માર્તંડ મુદ્રાલય (છાપખાનું)

સુચના

સરવે છપાવનાર વેહેપારીઓને ખબર આપવામાં આવેછે કે ઉપરના છાપખાનામાં તમામ જાતનું કામ જેવું કે મીલો, જીનોને લગતુ તમામ છાપવાનું કામ વ્યાજબી કીંમતથી તથા કોન્ટ્રાકટથી કરીએ છીએ. બીજું હુંડીબુકો, કાર્ડ, કવર, નોટપેપર, લેટરપેપર, કંકોતરી, બીલબુકો ચીઠી બુકો વીગેરે તમામ છાપવાનું કામ કીફાયતથી સફાઇબંધ કરી આપીએ છીએ. માટે એક વખત છાપવાનું કામ કરાવી ખાત્રી કરવાને ચુકવું નહીં. પત્ર વેહેવાર નિચેના સરનામે કરવો.

પટેલ ભીખાભાઇ છગનલાલ.
મેનેજર ધી માર્તંડ મુદ્રાલય પ્રીન્ટીંગ પ્રેસ.
રતનપોળ, મરચીપોળ—અમદાવાદ.